

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 003
Dt.: 11-09-2025,
Thursday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


પેન્શન મેળવવા લોકો લાઇનમાં ઊભા હતાં ત્યારે ભયાનક વિસ્ફોટ

# યુક્રેનમાં રશિયાના ગ્લાઇડ બોમ્બ હુમલામાં ૨૧નાં મોત, બે ડઝનથી વધુ લોકો ઘાયલ

## આ હુમલાને ક્રુરતાનું કૃત્ય ગણાવીને ઝેલેન્સકીએ રશિયા પર વધુ પ્રતિબંધ લાદવાની આંતરરાષ્ટ્રીય સમુદાયને વિનંતી કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)કીવ,

રશિયાએ યુક્રેનના એક ગામડા પર કરેલા ગ્લાઇડ બોમ્બ હુમલામાં ઓછામાં ઓછા ૨૧ લોકોના મોત થયા હતાં અને બે ડઝન લોકો ઘાયલ થયાં હતાં. ડોનેત્સ્ક પ્રાંતના યારોવા ગામમાં પેન્શન મેળવવા માટે લોકો લાઈનમાં ઊભા હતાં ત્યારે તેમના પર ભયાનક વિસ્ફોટ થયો હતો, એમ યુક્રેનના પ્રેસિડન્ટ વોલોડીમીર ઝેલેન્સકી અને એક પ્રાદેશિક અધિકારીએ જણાવ્યું હતું. આ હુમલાને ક્રુરતાનું કૃત્ય ગણાવીને ઝેલેન્સકીએ રશિયા પર વધુ પ્રતિબંધ લાદવાની આંતરરાષ્ટ્રીય સમુદાયને વિનંતી કરી હતી. સંયુક્ત રાષ્ટ્રના જણાવ્યા મુજબ ત્રણ વર્ષના યુદ્ધમાં ૧૨,૦૦૦થી વધુ યુક્રેનિયન નાગરિકોના મોત થયા છે. ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે દુનિયાએ ચૂપ ન રહેવું જોઈએ. દુનિયાએ નિષ્ક્રિય ન રહેવું જોઈએ. અમેરિકા અને યુરોપે વળતા પગલાં લેવાની જરૂર છે. જી-૨૦ દેશોએ પણ પ્રતિક્રિયા આપવી જોઇએ. રશિયાને મોતનું તાંડવ મચાવતા રોકવા માટે કડક પગલાં લેવાની જરૂર છે.તાજેતરના મહિનાઓમાં અમેરિકાના નેતૃત્વ હેઠળના શાંતિ સ્થાપવાના પ્રયાસો તેજ બન્યાં છે, પરંતુ તેમાં હજુ સુધી કોઇ પ્રગતિ થઈ નથી. બીજી તરફ રશિયાએ યુક્રેન પરના તેના હુમલાને વધુ ભીષણ બનાવ્યાં છે. રવિવારે રશિયાએ રાજધાની કિવ પર ૮૦૦ ડ્રોન અને ૧૫ મિસાઈલોથી હુમલો કર્યો હતો, જે ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ યુદ્ધ શરૂ થયા પછીનો સૌથી મોટો હવાઈ હુમલો હતો. અમેરિકા અને યુરોપના અધિકારીઓએ રશિયા પર વધુ દબાણ લાવવાના પગલાં લેવાની વિચારણા કરવા માટે અમેરિકાના એક બેઠક યોજી હતી. આ બેઠકમાં રશિયન ક્રૂડ ઓઈલની ખરીદી પર નવા પ્રતિબંધો અને ટેરિફ સહિતના પગલાંની વિચારણા થઈ હોવાનું માનવામાં આવે છે. આ મંત્રણા મંગળવારે પણ ચાલુ રહેવાની ધારણા છે. ગ્લાઇડ બોમ્બ સચોટ ટાર્ગેટ પર હુમલો કરતાં બોમ્બ છે, જે પાંખોનો ઉપયોગ કરીને સપાટ, ગ્લાઈડિંગ ફ્લાઈટ માર્ગ બનાવે છે અને દૂરથી લક્ષ્ય સુધી પહોંચે છે. તેનાથી આવા બોમ્બ છોડવા માટેના વિમાનો એર ડિફેન્સ સિસ્ટમના હુમલાથી સુરક્ષિત રહે છે.



## ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં ૧૫ સાંસદોએ કર્યું ક્રોસ વોટિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં NDA ઉમેદવાર સીપી રાધાકૃષ્ણનનો વિજય નિશ્ચિત માનવામાં આવતો હતો, પરંતુ વિપક્ષી ઈન્ડિયન ગઠબંધનને ખરો ફટકો તેમના પોતાના મતબેંકમાં થયેલા ઘટાડાથી પડ્યો છે. તેમના ઉમેદવાર બી સુદર્શન રેડ્ડીને માત્ર ૩૦૦ મત મળ્યા હતા, જ્યારે વિપક્ષી છાવણીએ ઓછામાં ઓછા ૩૧૫ મતોની ગણતરી કરી હતી.

ખાનગી પોર્ટલના અહેવાલ મુજબ, વિપક્ષી નેતાઓએ અપેક્ષા રાખી હતી કે રેડ્ડીને ૩૧૫ થી ૩૨૪ મત મળશે. પરંતુ પરિણામો દર્શાવે છે કે ઓછામાં ઓછા ૧૫ મત વિપક્ષના નેતાઓ NDAના ઉમેદવારે વોટ કર્યો હોઈ શકે છે. કેટલાક મતોને ઈરાદાપૂર્વક અમાન્ય જાહેર કરવામાં આવ્યા હોવાનું કહેવાય છે. પરિણામો પછી, વિપક્ષી નેતાઓ પક્ષદ્રોહીઓની શોધ શરૂ થઈ ગઈ છે. મહારાષ્ટ્રમાં આમ આદમી પાર્ટી અને શિવસેના (UBT) અને NCP (શરદ પવાર)ના નેતાઓ પર સૌથી વધુ આંગળીઓ ઉંચી થઈ રહી છે. રાજસ્થાન અને તમિલનાડુના એક-એક સાંસદે આપેલા મતો પર પણ ચર્ચા થઈ રહી છે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં પાર્ટી વ્હીપ લાગુ પડતો નથી, તેથી નેતાઓ માટે ક્રોસ વોટિંગ સરળ બન્યું હતું.

મતદાન પછી તરત જ, કોંગ્રેસના જયરામ રમેશે ઠ પર લખ્યું હતું કે વિપક્ષે ૧૦૦% હાજરી નોંધાવી અને ૩૧૫ સાંસદોએ મતદાન કર્યું. પરંતુ પરિણામોના બે કલાકમાં, આ એકતા તૂટી ગઈ હોય તેવું લાગતું હતું. વિપક્ષના નેતાઓને આશા હતી કે આ ચૂંટણી બિહાર વિધાનસભાની ચૂંટણી પહેલા એકતા દર્શાવશે, પરંતુ તેનાથી વિપરીત વિપક્ષના નેતાઓમાં ૧૫ નેતાઓએ ક્રોસ વોટિંગ કર્યું હતું.

પીએમ મોદીએ ટ્રમ્પને આપ્યો શાનદાર જવાબ

## હું મોદી સાથે વાત કરવા આતુર છું : ડોનાલ્ડ ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન,

ભારત પર ૫૦ ટકા ટેરિફ લગાવ્યા પછી અને ચીનમાં યોજાયેલી SCO બેઠકમાં પીએમ મોદી, વ્લાદિમીર પુતિન અને શી જિનપિંગની ત્રિપુટીને જોયા પછી, ટ્રમ્પ પોતાના નિવેદનોમાં ભારત પ્રત્યે નરમાઈ બતાવી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી પ્રત્યેની તેમની મિત્રતા અને વફાદારી વિશે સતત નિવેદનો આપી રહ્યા છે. હવે PM મોદીએ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનનો પણ જવાબ આપ્યો છે જેમાં યુએસ પ્રમુખે પીએમ મોદીને તેમના નજીકના મિત્ર અને તેમને મળવા માટે ઉત્સુક ગણાવ્યા છે.

ટ્રમ્પની પોસ્ટને ફરીથી પોસ્ટ કરતા, પીએમ મોદીએ તેમના X પ્લેટફોર્મ પર લખ્યું કે ભારત અને



અમેરિકા નજીકના મિત્રો અને કુદરતી ભાગીદારો છે. મને વિશ્વાસ છે કે અમારી વેપાર વાતચીત ભારત-અમેરિકા ભાગીદારીની અપાર શક્યતાઓને ખોલવાનો માર્ગ ખોલશે. અમારી ટીમો આ ચર્ચાઓને શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવા માટે કામ કરી રહી છે. હું રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વાત કરવા માટે પણ આતુર છું. અમે બંને આપણા લોકો માટે ઉજ્જવળ, વધુ સમૃદ્ધ ભવિષ્ય સુરક્ષિત કરવા માટે સાથે મળીને કામ કરીશું.

અગાઉ, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જાહેરાત કરી હતી કે ભારત અને અમેરિકા વચ્ચે અટકેલા વેપાર સોદા પર વાતચીત ફરી એકવાર શરૂ થઈ ગઈ છે. ટ્રમ્પે પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે, મને એ જાહેરાત કરતા આનંદ થાય છે કે ભારત અને અમેરિકાએ વેપારમાં રહેલી વિસંગતતાઓને દૂર કરવા માટે વેપાર સોદા પર ફરીથી વાટાઘાટો શરૂ કરી છે. હું આગામી થોડા અઠવાડિયામાં મારા નજીકના મિત્ર વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરવાનું વિચારી રહ્યો છું. મને લાગે છે કે બંને દેશો વચ્ચેના વેપાર ટ્રેડમાં કોઈ મુશ્કેલી નહીં આવે. યુએસ પ્રમુખની આ જાહેરાત પછી, બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધો અંગે નવી આશાઓ જાગી છે. નિષ્ણાતો માને છે કે આ પગલું ભારત-અમેરિકા વેપાર ભાગીદારીને એક નવા પરિમાણ પર લઈ જઈ શકે છે.

આ પહેલાં, રશિયા પાસેથી ભારતની તેલ ખરીદીથી ગુસ્સે થયેલા અમેરિકાએ ભારત પર ૫૦ ટકા ટેરિફ લગાવ્યો હતો. આ ટેરિફ ૨૭ ઓગસ્ટથી અમલમાં આવ્યો છે. આ પગલાથી, બંને દેશો વચ્ચે વેપારમાં તણાવ આવ્યો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ નિર્ણયને યોગ્ય ઠેરવતા કહ્યું કે ભારત રશિયા પાસેથી સસ્તા ભાવે તેલ ખરીદી રહ્યું છે અને તેમાંથી મળેલા પૈસાથી રશિયા યુક્રેન યુદ્ધ ચાલુ રાખી રહ્યું છે. ટ્રમ્પનો આરોપ છે કે આ યુદ્ધમાં હજારો લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે અને ભારતની ઊર્જા નીતિ તેને પરોક્ષ રીતે પ્રોત્સાહન આપી રહી છે. ટેરિફ અને આરોપોએ ભારત-અમેરિકા સંબંધો પર નવું દબાણ બનાવ્યું છે. હવે બધાની નજર આગામી દિવસોમાં આ તણાવ ઘટાડવા માટે બંને દેશો શું પગલાં લે છે તેના પર છે.

## ફ્રાન્સની સરકાર વિરુદ્ધ લોકોમાં ભારે રોષ, ઠેર-ઠેર વિરોધ પ્રદર્શન

(સંપૂર્ણ સમાચાર સેવા)પેરિસ,

નેપાળ બાદ હવે ફ્રાન્સના રસ્તાઓ પર લોકોનો રોષ જોવા મળી રહ્યો છે. લોકો રસ્તા પર ઉતર્યા છે અને રાષ્ટ્રપતિ મૈક્રો સરકારની નીતિઓ વિરુદ્ધ પ્રદર્શન કરી રહ્યાં છે. રાજધાની પેરિસમાં આગકાંડ જોવા મળી રહ્યો છે અને લોકો પોલીસ પર પથ્થરમારો કરી રહ્યાં છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ લોકો ઈમૈનુઅલ મૈંક્રોન વિરુદ્ધ પ્રદર્શન કરી રહ્યાં છે. લોકોનું કહેવું છે કે મૈક્રોં સરકારે લોકોના જીવનસ્તરને સુધારવા માટે કોઈ કામ કર્યું નથી અને તેનું નાણાકીય મેનેજમેન્ટ ખરાબ રહ્યું છે.

આ પ્રદર્શનની શરૂઆત સોશિયલ મીડિયા પર 'Block Everything' ના આહ્વાનથી થઈ અને લોકો હવે સંગઠિત થઈ વિરોધ-પ્રદર્શન કરવા ઉતરી આવ્યા છે. હજારોની સંખ્યામાં પોલીસકર્મીઓ પ્રદર્શનકારીઓને રોકવાનો પ્રયાસ કરી રહ્યાં છે.

પ્રદર્શનકારી આખા દેશમાં વિરોધ કરી રહ્યાં છે અને તેણે ટ્રાફિક રોકી દીધો છે. કચરાપેટ્ટીઓને સળગાવવામાં આવી રહી છે અને અનેક જગ્યાએ પોલીસ અને વિરોધીઓ વચ્ચે ઘર્ષણ થઈ રહ્યું છે. પ્રદર્શનકારીઓ દરેક ગતિવિધિને રોકવાનો પ્રયાસ કરી રહ્યાં છે.

અધિકારીઓએ જણાવ્યું કે દેશભરમાં સુરક્ષાદળોને તૈનાત કરવામાં આવ્યા છે, જેથી પ્રદર્શનકારીઓને હટાવી શકે. કહેવામાં આવી રહ્યું છે કે ઘણા પ્રદર્શનકારીઓની ધરપકડ કરવામાં આવી રહી છે.

સરકારી એજન્સી એપી પ્રમાણે ફ્રાન્સના ગૃહમંત્રીએ રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનના શરૂઆતી તબક્કામાં લગભગ ૨૦૦ લોકોના ધરપકડની જાહેરાત કરી છે.

શંકાસ્પદ વિદેશીઓને ૧૦ દિવસમાં નાગરિકતા સાબિત કરવા આદેશ

# અસમની હેમંત બિસ્વા સરકારનું વિદેશી નાગરિકોને અલ્ટીમેટમ

## અસમ કેબિનેટે પ્રવાસી (અસમમાંથી હકાલપટ્ટી) અધિનિયમ, ૧૯૫૦ હેઠળ એક સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP)ને આખરે મંજૂરી આપી દીધી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)દીસપુર,

અસમની હેમંત બિસ્વા સરમા સરકારે શંકાસ્પદ વિદેશીઓને ૧૦ દિવસમાં પોતાની નાગરિકતા સાબિત કરવાનો આદેશ આપ્યો છે. અસમ કેબિનેટે પ્રવાસી (અસમમાંથી હકાલપટ્ટી) અધિનિયમ, ૧૯૫૦ હેઠળ એક સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP)ને મંજૂરી આપી છે, જે મુજબ જિલ્લા કમિશનરો ૧૦ દિવસની નોટિસ આપશે. જો કોઈ વ્યક્તિ આ સમયમાં નાગરિકતા સાબિત ન કરી શકે, તો તેની હકાલપટ્ટી કરવાનો આદેશ આપવામાં આવશે.



મુખ્યમંત્રી સરમાએ જણાવ્યું કે, નવી SOP હેઠળ, જિલ્લા કમિશનરોને શંકાસ્પદ વિદેશીઓને ૧૦ દિવસમાં પોતાની નાગરિકતા સાબિત કરવા માટે નોટિસ આપવાનો અધિકાર મળશે. જો તેઓ નિષ્ફળ જશે, તો જિલ્લા ઉપાયુક્ત હકાલપટ્ટીનો આદેશ જારી કરી શકશે. હવે આવા કેસ વિદેશી ટ્રિબ્યુનલને બદલે સીધા જિલ્લા ઉપાયુક્તો પાસે જશે.

આ વર્ષે જૂનમાં મુખ્યમંત્રી સરમાએ વિધાનસભામાં જાહેરાત કરી હતી કે અસમ સરકાર IEAA ૧૯૫૦ લાગુ કરશે. તેમણે સુપ્રીમ કોર્ટના ઓક્ટોબર ૨૦૨૪ના નિર્ણયનો હવાલો આપ્યો હતો, જે મુજબ ૨૪ માર્ચ, ૧૯૭૧ પછી અસમમાં પ્રવેશ કરનારાઓને ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ ગણવામાં આવશે.

SOP લાગુ થવાથી વિદેશી ટ્રિબ્યુનલોની ભૂમિકા ઘટી જશે. મુખ્યમંત્રી સરમાએ જણાવ્યું કે, જો કોઈ વ્યક્તિ વિદેશી હોવાનું જણાશે, તો ઉપાયુક્ત ૧૦ દિવસમાં નાગરિકતા સાબિત કરવા નોટિસ આપશે. જો વ્યક્તિ નિષ્ફળ જશે, તો ઉપાયુક્ત તરત જ હકાલપટ્ટીનો આદેશ આપી તેને અટકાયત કેન્દ્રમાં મોકલશે, જ્યાંથી BSF તેને બાંગ્લાદેશ કે પાકિસ્તાન મોકલી દેશે. રાજ્ય સરકારે વિદેશી ટ્રિબ્યુનલોને બાજુ પર રાખીને ગૂંચવણભર્યા કેસો જ ટ્રિબ્યુનલમાં મોકલવાનો નિર્ણય કર્યો છે, જ્યાં જિલ્લા મેજિસ્ટ્રેટ નિર્ણય ન લઈ શકે. આ IEAA ૧૯૫૦ કાયદો જવાહરલાલ નહેરુ સરકારે પૂર્વ પાકિસ્તાનથી સ્થળાંતર રોકવા માટે બનાવ્યો હતો. આ અધિનિયમમાં કહેવામાં આવ્યું હતું કે જો કેન્દ્ર સરકારના મતે કોઈ વ્યક્તિનું (જે સામાન્ય રીતે ભારતના બહારના કોઈ સ્થળનો નિવાસી છે અને અધિનિયમ લાગુ થવા પહેલાં કે પછી અસમ આવ્યો છે)

રાજ્યમાં રહેવું ભારતની સામાન્ય જનતા કે તેના કોઈ વર્ગ કે અસમમાં કોઈ અનુસૂચિત જનજાતિના હિતો માટે હાનિકારક છે, તો તે આવી વ્યક્તિને નિર્દિષ્ટ સમયમર્યાદાની અંદર અસમ કે ભારતમાંથી હકાલપટ્ટી કરવાનો નિર્દેશ આપી શકે છે. જોકે, ૧ માર્ચ, ૧૯૫૦ના રોજ લાગુ થયાના એક મહિના પછી જ નહેરુએ અસમના તત્કાલીન સીએમ ગોપીનાથ બારદોલોઈને લિયાકત-નહેરુ સમજૂતીના આલોકમાં આના પર રોક લગાવવાના નિર્દેશ આપ્યા હતા. ત્યારથી આ એક્ટ ઉપયોગમાં નથી.




## તંત્રી લેખ......

# અમેરિકા બાદ કેનેડાનો ભારતને ઝટકો, ૮૦% સ્ટુડન્ટ વિઝા ફગાવ્યા

અમેરિકાની ટ્રમ્પ સરકાર દ્વારા ભારતીય પ્રવાસી વિદ્યાર્થીઓ અને H-1B વિઝા ધારકો પર તાજેતરમાં લેવાયેલા કડક પગલાં બાદ હવે તેના પાડોશી દેશ કેનેડાએ પણ ભારતને મોટો ઝટકો આપ્યો છે. કેનેડાએ ૨૦૨૫માં ૮૦ ટકા ભારતીય વિદ્યાર્થીઓની વિઝા અરજીઓ રદ કરી હોવાનો ખુલાસો થયો છે.

ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (RCC)ના અહેવાલ અનુસાર, કેનેડાએ ૨૦૨૫માં ૮૦% ભારતીય વિદ્યાર્થીઓની વિઝા અરજીઓ નકારી કાઢી હતી, જે એક દાયકામાં સૌથી વધુ છે. માહિતી અનુસાર, એશિયા અને આફ્રિકાના અન્ય દેશોના અરજદારોની વિઝા અરજીઓ પણ નકારી કાઢવામાં આવી છે પરંતુ ભારતીય વિદ્યાર્થીઓ સૌથી વધુ પ્રભાવિત થયા છે.

કેનેડાના આ પગલાથી ત્યાંની કૉલેજોમાં નોંધણી પર પણ અસર પડી છે. કેનેડિયન સરકારના ડેટા અનુસાર, ૨૦૨૪માં કેનેડાએ ફક્ત ૧.૮૮ લાખ નવા ભારતીય વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો હતો, જ્યારે બે વર્ષ પહેલા સુધી આ સંખ્યા બમણાથી વધુ હતી.

કેનેડા અને અમેરિકા ભારતીય વિદ્યાર્થીઓ માટે લોકપ્રિય દેશો હતા જ્યાં લાંબા સમયથી ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે હવે સંઘર્ષ કરવો પડી રહ્યો છે. પરંતુ આ બંને દેશોના ખરાબ વર્તન અને ભારતીય વિદ્યાર્થીઓ પ્રત્યેના તેમના ઉદાસીન વલણને કારણે ભારતીય વિદ્યાર્થીઓનો ટ્રેન્ડ હવે જર્મની તરફ વળી ગયો છે. જર્મની ટોચના પ્રિય દેશ તરીકે ઉભરી આવ્યું છે. આને કારણે, કેનેડા હવે ફક્ત ૯ ટકા વિદ્યાર્થીઓની પહેલી પસંદગી છે.

કેનેડા ભારત સહિત વિશ્વભરના દેશોના વિદ્યાર્થીઓ માટે તેના દરવાજા બંધ કરી રહ્યું છે, કારણ કે ત્યાં રહેણાંક સુવિધાઓનો ભારે અભાવ છે. આ ઉપરાંત, માળખાગત સુવિધાઓ પર દબાણ વધી રહ્યું છે. સ્થાનિક રાજકારણને કારણે કેનેડાને પણ આવી કાર્યવાહી કરવાની ફરજ પડી છે.

કેનેડાએ હવે વિદ્યાર્થીઓને વિઝા આપવા માટેના તેના નિયમોમાં ફેરફાર કર્યો છે અને કહ્યું છે કે વિઝા માટે અરજી કરતાં વિદ્યાર્થીઓએ પહેલા કરતાં વધુ નાણાકીય જવાબદારીઓ પૂર્ણ કરવી પડશે. એટલે કે, હવે તેમને ૨૦,૦૦૦ કેનેડિયન ડૉલરના કાગળો બતાવવા પડશે. આ ઉપરાંત, વિગતવાર અભ્યાસ યોજના અને ભાષા પરીક્ષાના પરિણામો સબમિટ કરવાના રહેશે.

# એમસીએક્સ પર સોનાના વાયદામાં રૂ.૨૬૪ અને ચાંદીના વાયદામાં રૂ.૯૫૮ની વૃદ્ધિ: ક્રૂડ તેલમાં રૂ.૩૭નો સુધારો

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૦૫૦૬૧.૦૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૬૬૯૫.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૮૩૬૪.૩૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૫૪૩૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૧૬૭.૪૭ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૩૬૭૬.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૮૭૪૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૯૩૫૬ અને નીચામાં રૂ.૧૦૮૬૬૮ના મથાળે અથડાઈ, રૂ.૧૦૯૦૩૩ના આગલા બંધ સામે રૂ.૨૬૪ વધી રૂ.૧૦૯૨૯૭ થયો હતો. ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૯૨ વધી રૂ.૮૭૬૨૬ થયો હતો. ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૯ વધી રૂ.૧૦૯૭૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭૭ વધી રૂ.૧૦૯૧૮૪ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૮૮૨૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૯૪૪૫ અને નીચામાં રૂ.૧૦૮૭૫૪ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૯૦૫૧ના આગલા બંધ સામે રૂ.૩૦૧ વધી રૂ.૧૦૯૩૫૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૨૪૯૨૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૫૪૯૫ અને નીચામાં રૂ.૧૨૪૭૯૯ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૪૪૬૧ના આગલા બંધ સામે રૂ.૯૫૮ વધી રૂ.૧૨૫૪૧૯ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૮૪૨ વધી રૂ.૧૨૫૨૭૮ થયો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૮૩૯ વધી રૂ.૧૨૫૨૫૯ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૨૧૦૧.૬૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી સપ્ટેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૮૬૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૯૭૦ અને નીચામાં રૂ.૩૮૬૧ના મથાળે અથડાઈ, રૂ.૧૧૦ વધી રૂ.૩૯૬૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૫૮૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૫૯૮ અને નીચામાં રૂ.૫૫૫૧ના મથાળે અથડાઈ, રૂ.૫૫૪૪ના આગલા બંધ સામે રૂ.૩૭ વધી રૂ.૫૫૮૧ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૩૫ વધી રૂ.૫૫૮૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ ૪૦ પૈસા વધી રૂ.૨૭૩ થયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો ૩૦ પૈસા વધી રૂ.૨૭૨.૯ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૭૯ના ભાવે ખૂલી, રૂ.૨ ઘટી રૂ.૯૭૯ના સ્તરે પહોંચ્યો હતો. એલચી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૬૫૪ના ભાવે ખૂલી, રૂ.૫૯ ઘટી રૂ.૨૫૯૧ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૩૧૩૦ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૬૦૫૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૭૭૦૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૧૫૬૦૭ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૧૩૭૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૮૭૭૬ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૧૮૧૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૪૭૬૮૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૧૮૧ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૫૩૫૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૧૦૩૮ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૫૩૭૧ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૫૪૩૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૫૩૭૧ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૮૧ પોઇન્ટ વધી ૨૫૪૩૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૮ વધી રૂ.૯૬ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫ પૈસા વધી રૂ.૧૦.૧૫ના ભાવે બોલાયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૪.૫ વધી રૂ.૧૧૦૩ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૪૭ વધી રૂ.૨૭૨૭.૫ થયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૩૬ પૈસા ઘટી રૂ.૧૦.૧૩ થયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૧૦ પૈસા વધી રૂ.૩.૨૯ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર રૂ.૭૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ ૧૦ પૈસા વધી રૂ.૨.૯૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૧૦ પૈસા વધી રૂ.૧૨.૭ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૧૦૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૭ વધી રૂ.૧૫૨૦ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૧૪.૫ વધી રૂ.૨૬૪૮ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૪.૫ ઘટી રૂ.૬૬.૬ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫ પૈસા વધી રૂ.૧૦.૦૫ થયો હતો. સોનું સપ્ટેમ્બર રૂ.૧૦૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૮ ઘટી રૂ.૮૩૦ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૬૮.૫ ઘટી રૂ.૨૨૯૯ના ભાવે બોલાયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૬ પૈસા વધી રૂ.૮.૦૭ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૬૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૮ પૈસા વધી રૂ.૦.૪ના ભાવે બોલાયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ કોઈ ફેરફાર વગર રૂ.૧૦ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૧૦૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૭.૫ ઘટી રૂ.૧૩૩૮.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૨૯ ઘટી રૂ.૨૩૭૪.૫ થયો હતો.

# ક્રિકેટમાં બનાના કૌભાંડ સામે આવ્યું: ૩૫ લાખના ખેલાડીઓને કેળા ખવડાવી દીધા

(સંપૂર્ણ સમાચાર સેવા)દેહરાદૂન,

૧૨ કરોડનું ફંડ અને ૩૫ લાખના કેળા...ચોંકી ગયા ને? હકીકતમાં જોઈએ તો, ક્રિકેટમાં બનાના કૌભાંડ સામે આવ્યું છે. અધિકારીઓ પર આરોપ છે કે કેળાના નામ પર કરોડો રૂપિયા હજમ કરી ગયા છે. હવે આ સમગ્ર મામલે હાઈકોર્ટે બીસીસીઆઈને નોટિસ ફટકારી છે.

હકીકતમાં આ સમગ્ર મામલો ક્રિકેટ એસોસિએશન ઓફ ઉત્તરાખંડ સાથે જોડાયેલો છે. જ્યાં ૧૨ કરોડ રૂપિયાના સરકારી ફંડનો દુરુપયોગ કરવાનો મામલો સામે આવ્યો છે. રિપોર્ટ અનુસાર, અરજીકર્તાએ કોર્ટમાં એક ઓડિટ રિપોર્ટ દેખાડ્યો છે, જેમાં ૩૫ લાખ રૂપિયા ખાલી ખેલાડીઓના કેળા પર ખર્ચ કરવામાં આવ્યા છે.

સવાલ એ થાય છે કે હવે આટલા બધા કેળા આખું જંગલ પણ ન ખાઈ શકે, જેટલા અધિકારીઓના જણાવ્યા અનુસાર ખેલાડીઓ ખાઈ ગયા. જસ્ટિસ મનોજ કુમાર તિવારીની સિંગલ બેન્ચે આ મામલે સુનાવણી કરી હતી. દેહરાદૂનના રહેવાસી સંજય રાવત અને અન્ય લોકોની અરજીઓમાં કહેવાયું છે કે ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષમાં એસોસિએશને ૬.૪ કરોડ ઈવેન્ટ મેનેજમેન્ટ પર અને લગભગ ૨૬.૩ કરોડ ટૂર્નામેન્ટ અને ટ્રાયલ્સ પર ખર્ચ દેખાડ્યો છે.

### જગદીપ ધનખડની પ્રથમ પ્રતિક્રિયા વાઈરલ

# એનડીએ ઉમેદવાર સી.પી રાધાકૃષ્ણનની જીત પર ધનખડે ખુશી વ્યક્ત કરી

## જગદીપ ધનખડે કહ્યું કે, સી.પી રાધાકૃષ્ણનના અનુભવોથી ઉપરાષ્ટ્રપતિ પદની ગરિમા વધી જશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

મંગળવારે (૯ સપ્ટેમ્બર) ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીના પરિણામ સામે આવ્યા હતા. NDA ઉમેદવાર સી.પી રાધાકૃષ્ણનને ૪૫૨ મતોની જીત હાંસલ કરી છે. આ જીત પર પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે પણ ખુશી વ્યક્ત કરી હતી.

જગદીપ ધનખડે કહ્યું કે, સી.પી રાધાકૃષ્ણનના અનુભવોથી ઉપરાષ્ટ્રપતિ પદની ગરિમા વધી જશે. નોંધનીય છે કે, રાજીનામાં બાદ જગદીપ ધનખડનું આ પહેલું સાર્વજનિક નિવેદન છે.

મંગળવારે સાંજે ઉપરાષ્ટ્રપકિ ચૂંટણીના પરિવામ સામે આવ્યા, જેમાં દ્રઢછના ઉમેદવાર સી.પી રાધાકૃષ્ણનને ૪૫૨ મત મળ્યા હતા. વળી, વિપક્ષના ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડીએ ૩૦૦ વોટ મેળવ્યા હતા.

આ જીત પર પ્રતિક્રિયા આપતાં જગદીપ ધનખડે કહ્યું કે, ઉપરાષ્ટ્રપતિ પદ પર સી. પી રાધાકૃષ્ણનની જીત જનતા દ્વારા પસંદ કરવામાં આવેલા પ્રતિનિધિઓનો તમારા પર વિશ્વાસ અને આત્મવિશ્વાસ દર્શાવે છે. તમારો જાહેર જીવનનો ઘણો અનુભવ રહ્યો છે. તમારા નેતૃત્વમાં આ પદ(ઉપરાષ્ટ્રપતિ)ની ગરિમા વધી જશે.

નોંધનીય છે કે, પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ૨૧ જુલાઈએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું.

### એલએસીથી એક હજાર કિલો સોનું ગેરકાયદે ઘૂસાડાયું

# બે વર્ષમાં ચીન સરહદેથી ભારતમાં રૂ. ૮૦૦ કરોડના સોનાની તસ્કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

ભારત અને ચીન વચ્ચેની સરહદ એલએસી પર સોનાની તસ્કરીના રેકેટનો ખુલાસો થયો છે. આ રેકેટની તપાસ કરી રહેલી કેન્દ્રીય એજન્સી ઈડીએ કહ્યું છે કે વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪ દરમિયાન ચીન, તિબેટના નાગરિકો અને કેટલાક સ્થાનિક લોકોએ રૂપિયા ૮૦૦ કરોડના એક હજાર કિલો સોનાની તસ્કરી કરી છે.

કેન્દ્રીય એજન્સી ઈડીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે તે આ ક્રિમિનલ પ્રવૃત્તિમાં ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ કાયદો એટલે કે ફેમા હેઠળ કાર્યવાહી કરી રહી છે. ગયા વર્ષે જુલાઇ મહિનામાં આઈટીબીપીના જવાનોએ ૧૦૮ કિલો વિદેશી સોનાના બાર જપ્ત કર્યા હતા. જે બાદથી ઈડી દ્વારા આ સમગ્ર મામલાની તપાસ શરૂ કરવામાં આવી હતી. બોર્ડર ગાર્ડિંગ ફોર્સના જવાનોએ ત્રણ સ્થાનિકોની આ સોના સાથે ધરપકડ કરી હતી.

ઈડીએ જણાવ્યું હતું કે મંગળવારે એનસીઆર અને લદ્દાખમાં આ મામલે દરોડા પાડવામાં આવ્યા હતા અને તપાસ કરાઇ હતી. ડીઆરઆઈએ પણ આ કેસની તપાસ કરી હતી. જેમાં સામે આવ્યું કે આશરે ૧૦૬૪ કિલો સોનાની તસ્કરી થઇ હતી અને તેની રકમ ક્રીપ્ટોકરંસીમાં થઇ હતી.

ડીઆરઆઈએ તસ્કરી રોકવા માટેના કાયદા હેઠળ ૧૦ લોકોની અટકાયત કરી હતી. જેઓ હાલ પણ કસ્ટડીમાં છે. ઈડીની તપાસમાં સામે આવ્યું છે કે ચીનના નાગરિક ભુ-ચુમ દ્વારા ભારતમાં તેંડુ તાશી નામના વ્યક્તિને આ વિદેશી સોનું મોકલવામાં આવી રહ્યું હતું. લદ્દાખથી દિલ્હી સુધી આ ગેરકાયદે સોનું પહોંચાડવામાં માસ્ટરમાઈન્ડ તરીકે તાશીનું નામ સામે આવ્યું છે. તાશીએ જ અન્યોની મદદથી ભારતમાં એક હજાર કિલો સોનું ગેરકાયદે ઘૂસાડયું હતું.

### ચૂંટણી પહેલા મોદી સરકારે બિહારને લ્હાણી આપી

# કેન્દ્ર દ્વારા ૪ લેન હાઈવે અને ડબલ ટ્રેક રેલ લાઈનની મંજૂરી

## ૩,૧૬૯ કરોડના ખર્ચે ભાગલપુર-દુમકા-રામપુરહાટ ડબલ ટ્રેક રેલ લાઈનને મંજૂરી આપવામાં આવી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

ચૂંટણી પહેલા મોદી સરકારે બિહારને લ્હાણી આપી છે. કેન્દ્રીય મંત્રીમંડળે બુધવારે બિહાર અને પાડોસી રાજ્યોમાં કનેક્ટિવિટી અને આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે ૭,૬૧૬ કરોડ રૂપિયાના બે મોટા પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે.

આ મંજૂરીઓ સાથે જ મોદી સરકાર બિહારને અત્યાર સુધીમાં ૧૧ લાખ કરોડ રૂપિયાના પ્રસ્તાવોને મંજૂરી આપી ચૂકી છે.

મોદી કેબિનેટની બેઠકમાંલેવાયેલા નિર્ણયોની બ્રીફિંગ કરતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, ૩,૧૬૯ કરોડ રૂપિયાના ખર્ચે ભાગલપુર-દુમકા-રામપુરહાટ ડબલ ટ્રેક રેલ લાઈનને મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત ૪,૪૪૭ કરોડ રૂપિયાના ખર્ચથી બક્સર-ભાગલપુર હાઈ-સ્પીડ કોરિડોરના ફોર-લેનને મોકામા-મુંગેર ખંડના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, આ બક્સરથી ભાગલપુર કોરિડોરનો એક ખંડ છે. તેનું રોકાણ રૂ. ૪,૪૪૭ કરોડનું હશે. આ દક્ષિણ બિહારનો એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ છે. મોકામાથી મુંગેર સુધી તેની લંબાઈ ૮૨ કિલોમીટર છે. આ પ્રોજેક્ટના કારણે લગભગ ૧ કલાકનો સમય બચશે.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે, કેબિનેટે ભાગલપુર-દુમકા-રામપુરહાટ ડબલ ટ્રેક રેલ લાઈન સેક્શન (૧૭૭ કિમી) ને મંજૂરી આપી છે, જેનો કુલ ખર્ચ ૩,૧૬૯ કરોડ રૂપિયા છે.

આ બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળને જોડતો એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ છે.

અશ્વિની વૈષ્ણવે આગળ કહ્યું કે, આઝાદી પછી રેલવે કાર્ગો સતત ઘટી રહ્યો હતો. ૨૭ ટકાના નીચા સ્તરે પહોંચ્યા પછી હવે તેમાં વધારો થવા લાગ્યો છે. હવે મોડલ શેર લગભગ ૨૯ ટકા સુધી પહોંચી ગયો છે. વડાપ્રધાનના ત્રીજા કાર્યકાળમાં મંજૂર કરાયેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની કુલ સંખ્યા લગભગ ૧૧ લાખ કરોડ રૂપિયા છે, જે એક મહત્વપૂર્ણ પરિવર્તન છે. આનાથી રોજગાર વધી રહ્યો છે અને લોકોના જીવનમાં પરિવર્તન આવી રહ્યું છે.

બિહારમાં આ વર્ષના અંત સુધીમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. તે પહેલાં આવી જાહેરાતો અંગે એક ન્યૂઝ ચેનલ દ્વારા પૂછવામાં આવેલા સવાલના જવાબમાં કેન્દ્રીય મંત્રીએ ૧૨થી વધુ પ્રોજેક્ટ્સનું પ્રેઝન્ટેશન આપ્યું અને જણાવ્યું કે જે રાજયોમાં ચૂંટણી નથી ત્યાં પણ પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે.

### સરહદ પર ૮ કિમીનો લાંબો જામ લાગ્યો!

# નેપાળમાં Gen-Z વિરોધના લીધે ૨૫૦૦ ભારતીય પ્રવાસીઓ અટવાયા

## પોખરા અને કાઠમંડુમાં ઘણી હોટલો ભારતીય પ્રવાસીઓથી ભરેલી છે, જે ટ્રાફિક અને કર્ફ્યુને કારણે ભારત પાછા ફરી શકતા નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)કાઠમંડુ,

નેપાળમાં બે દિવસના આંદોલનને કારણે ભૈરહવાનું ગૌતમ બુદ્ધ ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યું છે. આ કારણે સેંકડો ભારતીય પ્રવાસી નેપાળમાં અટવાઈ ગયા છે. પોખરા અને કાઠમંડુમાં ઘણી હોટલો ભારતીય પ્રવાસીઓથી ભરેલી છે, જે ટ્રાફિક અને કર્ફ્યુને કારણે ભારત પાછા ફરી શકતા નથી. આ દરમિયાન નેપાળના કસ્ટમ્સ બંધ થવાને કારણે સોનાલી સરહદ પર લગભગ આઠ કિલોમીટર લાંબો જામ છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે, પોખરામાં લગભગ ૮૦૦ ભારતીય પ્રવાસીઓ ફસાયેલા છે, જ્યારે કાઠમંડુમાં આ સંખ્યા ૨૦૦૦ની નજીક છે. હોટલ માલિકોએ ભારતીય પ્રવાસીઓની યાદી પણ વહીવટીતંત્રને સોંપી છે, જેથી તેમની સલામતી અને સરહદ સુધી સલામત પહોંચ સુનિશ્ચિત કરી શકાય. ભૈરહવા એરપોર્ટ બંધ થવાથી નેપાળમાં ફસાયેલા ભારતીયોના પરત ફરવામાં મુશ્કેલીઓ વધુ વધી ગઈ છે, જ્યારે સરહદી વિસ્તારમાં વેપાર અને ટ્રાફિક સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે. નેપાળ વહીવટીતંત્ર અને સુરક્ષા એજન્સીઓ સાથે મળીને મુસાફરોની સુરક્ષા જાળવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

પોખરા અને કાઠમંડુમાં ફસાયેલા પ્રવાસીઓનું કહેવું છે કે, કર્ફ્યુને કારણે તેઓ તેમની હોટલોમાંથી બહાર પણ નીકળી શકતા નથી.

ભારતથી નેપાળ આવતા ટ્રાન્સપોર્ટરો પણ વેરહાઉસમાંથી પોતાનો માલ બહાર કાઢી શકતા નથી, જેના કારણે સ્ટોરેજની સમસ્યા સર્જાઈ છે. સોનાલી, નૌતનવા અને અન્ય ચેકપોઈન્ટ પર લગાવવામાં આવેલા SSB બેરિકેડને કારણે કડક ચેકિંગ પછી જ નેપાળી કાર્ગો અને રાહદારીઓની અવરજવર શક્ય છે.

નેપાળમાં બગડતી રાજકીય અને સામાજિક પરિસ્થિતિને કારણે નેપાળ-ભારત સરહદ પર આવેલું બેલ્હિયા કસ્ટમ મંગળવારે થોડા કલાકો માટે ખુલ્લું હતું, પરંતુ પરિસ્થિતિ કફોડી બનતા તેને ફરીથી બંધ કરવામાં આવ્યું હતું. કસ્ટમ બંધ થવાને કારણે સોનાલી સરહદ પર કાર્ગો વાહનોની લાંબી કતાર લાગી ગઈ હતી, જે હવે આઠ કિમી સુધી લાંબી છે.

આનાથી વેપારીઓની મુશ્કેલીમાં વધારો થયો છે, પરંતુ સામાન્ય લોકો અને પ્રવાસીઓ પણ પ્રભાવિત થઈ રહ્યા છે. નેપાળના મુખ્ય ભાગોમાં કર્ફ્યુ અને સુરક્ષા નાકાબંધીને કારણે સરહદી વિસ્તારમાં સુરક્ષા કડક કરવામાં આવી છે.


કલમ ૧૪૪ પણ લાગુ છે. મંગળવારે સાંજે વિરોધીઓ સોનાલી સરહદને અડીને આવેલા બેલ્હિયા નેપાળ ગેટ પર પહોંચ્યા. બેલ્હિયા પોલીસ ચોકી પર ઈંટો ફેંકવામાં આવી. ઓલી "દેશ છોડો" જેવા નારા લગાવી રહ્યા હતા


ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com





RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# સોકલીન યુથ વિંગ દ્વારા આનંદ વિદ્યા વિહાર સ્કૂલ ખાતે "વડોદરા અને તેની આસપાસના પક્ષીઓને જાણો" વિષય પર એક વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું

વડોદરા,

સોકલીન યુથ વિંગ દ્વારા આનંદ વિદ્યા વિહાર સ્કૂલ ખાતે "વડોદરા અને તેની આસપાસના પક્ષીઓને જાણો" વિષય પર એક વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ધોરણ ૯ ના લગભગ ૧૦૦ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી અને શહેરની વિવિધ પક્ષીઓની પ્રજાતિઓ, સ્થાનિક અને સ્થળાંતરિત બંને વિશે માહિતી મેળવી હતી.

વડોદરા, ફક્ત તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા માટે જ નહીં પરંતુ તેની અદભુત જૈવવિવિધતા માટે પણ જાણીતું છે, ખાસ કરીને પક્ષીઓ સંબંધિત. આ પ્રદેશનું અનોખું ભૌગોલિક સ્થાન, શહેરી લેન્ડસ્કેપ્સ, બગીચાઓ અને નજીકના જળાશયોના મિશ્રણ સાથે, અસંખ્ય પક્ષીઓની પ્રજાતિઓ માટે સુમેળભર્યું વાતાવરણ બનાવે છે.

સોકલીન યુથ વિંગના અધ્યક્ષા ડૉ. સંગીતા પટેલે સોકલીનની પ્રવૃત્તિઓ અને સોકલીન યુથ વિંગ દ્વારા આયોજિત શાળા અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે પર્યાવરણ જાગૃતિ માટેની સ્પર્ધાઓ અને કાર્યક્રમો વિશે માહિતી આપી. તેમણે કહ્યું કે આ વાર્તાલાપનો હેતુ વિદ્યાર્થીઓને પક્ષીઓ વિશે વધુ જાણવામાં મદદ કરવાનો છે.

ત્યારબાદ ડો. સંગીતા પટેલે શ્રીમતી બેનર્જી, અવિ સબાવલા, જૈવવિવિધતા નિષ્ણાત, પક્ષી-નિરીક્ષક અને વન્યજીવન ફોટોગ્રાફરનો પરિચય કરાવ્યો. તેમણે સ્થાનિક અને સ્થળાંતર કરનારા પક્ષીઓ જેમ કે રુડી શેલ્ડક, કોર્મોરેન્ટ, રેડ-વોટલ્ડ લેપવિંગ, રેડ-નેપ્ડ આઈબિસ, ફ્લેમિંગો, ગ્રે અને પર્પલ હેરોન, કિંગફિશર, ગ્રીન બી-ઈટર, કેટલ એગ્રેટ, વગેરે પર રંગીન અને માહિતીપ્રદ પ્રેઝન્ટેશન આપ્યું. તેમણે તેમના ઈકોલોજીકલ માળખા, લાક્ષણિક લાક્ષણિકતાઓ, ખોરાકની આદતો અને અન્ય પાસાઓ વિશે વાત કરી. સહભાગીઓએ ઘણા પ્રશ્નો પૂછ્યા, જેમ કેઃ કબૂતરોની વસ્તીને કેવી રીતે નિયંત્રિત કરવી? શું પક્ષીઓને વનસ્પતિ પર ચાલવા માટે પગ હોય છે? પક્ષીઓના કોઈ ઉદાહરણો જ્યાં નર અને માદા એકસરખા દેખાય છે અને સરળતાથી અલગ કરી શકાતા નથી? વગેરે.

પ્રિન્સિપાલ શ્રીમતી પૂર્ણિમા મેનન એ વાતની પ્રશંસા કરી કે સોકલીન પર્યાવરણીય જાગૃતિ અને સંરક્ષણ માટે વિદ્યાર્થીઓ માટે ઘણી પ્રવૃત્તિઓનું આયોજન કરે છે.

શ્રીમતી શૈલી દવે, શિક્ષક સંયોજક; શ્રીમતી નલિની ઐયર, સંયોજક; શ્રીમતી પ્રશસ્તિ મજમુદાર, શાળામાંથી શ્રીમતી શ્રદ્ધા શિરસત; અને શ્રી ચૈતન્ય કુલકર્ણી અને સોકલીન તરફથી શ્રીમતી અંજના મહિડા ઉપસ્થિત રહ્યા હતા.

# પશ્ચિમ રેલવે દ્વારા ઓખા અને શકુર બસ્તી (દિલ્હી) વચ્ચે ચલાવવામાં આવશે સ્પેશિયલ ટ્રેન

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને દશેરા, દિવાળી અને છઠ પૂજાના તહેવારોના સિઝન દરમિયાન તેમની મુસાફરીની માંગને પૂરી કરવાના હેતુથી ઓખા-શકુર બસ્તી (દિલ્હી કેન્ટ પાસે આવેલ) વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવશે. તેની વિગતો આ મુજબ છે: ટ્રેન નંબર ૦૯૫૨૩/૦૯૫૨૪ ઓખા—શકુર બસ્તી સ્પેશિયલ (સાપ્તાહિક) ચ૨૦ ટ્રીપ્ ટ્રેન નંબર ૦૯૫૨૩ ઓખા—શકુર બસ્તી સ્પેશિયલ દર મંગળવારે ઓખાથી ૧૦:૦૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૧૦:૩૫ વાગ્યે શકુર બસ્તી પહોંચશે. આ ટ્રેન ૨૩ સપ્ટેમ્બરથી ૨૫ નવેમ્બર, ૨૦૨૫ સુધી ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૫૨૪ શકુર બસ્તી—ઓખા સ્પેશિયલ દર બુધવારે શકુર બસ્તીથી ૧૩:૧૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૧૩:૫૦ વાગ્યે ઓખા પહોંચશે. આ ટ્રેન ૨૪ સપ્ટેમ્બરથી ૨૬ નવેમ્બર, ૨૦૨૫ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં દ્વારકા, ખંભાળિયા, જામનગર, હાપા, રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, ઉંઝા, સિદ્ધપુર, પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાડ, બેવર, અજમેર, કિશનગઢ, જયપુર, ગાંધીનગર જયપુર, દૌસા, બાંદીકુઈ, અલવર, ગુડગાંવ અને દિલ્હી કેન્ટ સ્ટેશનો પર ઊભી રહેશે.

આ ટ્રેનમાં એસી-૨ ટાયર, એસી-૩ ટાયર, એસી-૩ ટાયર (ઈકોનોમી), સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસના સામાન્ય કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૫૨૩નું બુકિંગ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, કોચની સંખ્યા અને સમય વિશેની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# પશ્ચિમ રેલવે ચલાવશે વડોદરા-ગોરખપુર વચ્ચે સાપ્તાહિક સ્પેશ્યલ ટ્રેન

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા તથા દશેરા, દિવાળી અને છઠ પૂજાના તહેવારોની સીઝન દરમિયાન તેમની મુસાફરીની માંગને પુરી કરવાના ઉદેશ્યથી વડોદરા - ગોરખપુર વચ્ચે વિશેષ ભાડા પર ફેસ્ટિવલ સ્પેશ્યલ ટ્રેન ચલાવવાંમાં આવશે .તેની વિગતો નીચે મુજબ છેઃ

૧. ટ્રેન સંખ્યા ૦૯૧૧૧/૦૯૧૧૨ વડોદરા - ગોરખપુર સ્પેશ્યલ (સાપ્તાહિક) ચ૨૦ ટ્રીપ્સ્

ટ્રેન સંખ્યા ૦૯૧૧૧ વડોદરા - ગોરખપુર સ્પેશ્યલ દર શનિવારે વડોદરાથી ૧૯:૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૨૩ઃ૩૦ કલાકે ગોરખપુર પહોંચશે. આ ટ્રેન ૨૭ સપ્ટેમ્બરથી ૨૯ નવેમ્બર ૨૦૨૫ સુધી દોડશે. તેવી જ રીતે ટ્રેન સંખ્યા ૦૯૧૧૨ ગોરખપુર-વડોદરા સ્પેશ્યલ દર સોમવારે ગોરખપુર થી ૦૫:૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૮:૦૦ કલાકે વડોદરા પહોંચશે. આ ટ્રેન ૨૯ સપ્ટેમ્બરથી ૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશાઓમાં ગોધરા, રતલામ, કોટા, ગંગાપુર સિટી, ભરતપુર, ઈદગાહ આગ્રા, ટુંડલા, શિકોહાબાદ, મૈનપુરી, ફરુખાબાદ, કાનપુર, માનક નગર, બાદશાહ નગર, બારાબંકી, ગોંડા અને બસ્તી સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, એસી-૨ ટાયર, એસી-૩ ટાયર, સ્લીપર ક્લાસ, સેકન્ડ ક્લાસના જનરલ કોચ હશે.

ટ્રેન સંખ્યા ૦૯૧૧૧નું બુકિંગ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી ની વેબસાઇટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સંરચના અને સમય અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# ગાંધીધામ-જોધપુર એક્સપ્રેસના સમય અને ટર્મિનલ સ્ટેશનમાં પરિવર્તન

ઉત્તર પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેન સંખ્યા ૨૨૪૮૪/૨૨૪૮૩ ગાંધીધામ-જોધપુર-ગાંધીધામ એક્સપ્રેસના આગમન-પ્રસ્થાનના સમય અને ટર્મિનલ સ્ટેશનમાં ૦૩ નવેમ્બર ૨૦૨૫ થી પરિવર્તન કરવામાં આવી રહ્યું છે. આ ટ્રેનનું સંચાલન જોધપુરને બદલે હવે ભગત કી કોઠીથી કરવામાં આવશે. જેની વિગતો નીચે મુજબ છેઃ ટ્રેન સંખ્યા ૨૨૪૮૪ ગાંધીધામ - ભગત કી કોઠી એક્સપ્રેસ ગાંધીધામથી ૨૩.૫૫ કલાક ને બદલે (૨.૧૫ કલાક પહેલા) ૨૧.૪૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૭.૧૫ કલાકે ભગત કી કોઠી પહોંચશે.આ ટ્રેનનો અમદાવાદ ડિવિઝનના સ્ટેશનો પર આગમન પ્રસ્થાનનો સમય સામાંખ્યાલી ૨૨.૨૬/૨૨.૨૮ વાગ્યે, રાધનપુર ૦૦.૦૧/૦૦.૦૩ વાગ્યે, ભાભર ૦૦.૨૦/૦૦.૨૨ વાગ્યે અને ભીલડી ૦૧.૨૦/૦૧.૨૫ વાગ્યે રહેશે. ટ્રેન સંખ્યા ૨૨૪૮૩ ભગત કી કોઠી - ગાંધીધામ એક્સપ્રેસ ભગત કી કોઠીથી ૨૩.૦૦ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૦૮.૩૦ કલાકે ગાંધીધામ પહોંચશે. આ ટ્રેનનો અમદાવાદ ડિવિઝનના સ્ટેશનો પર આગમન-પ્રસ્થાનનો સમય ભીલડી ૦૪.૨૦/૦૪.૨૫ વાગ્યે, ભાભર ૦૫.૦૦/૦૫.૦૨ વાગ્યે, રાધનપુર ૦૫.૧૮/૦૫.૨૦ વાગ્યે અને સામાખ્યાલી ૦૭.૨૦/૦૭.૨૨ વાગ્યાનો રહેશે.

# મંત્રીમંડળે બિહારમાં બક્સર-ભાગલપુર હાઇ-સ્પીડ કોરિડોરના ૪-લેન ગ્રીનફિલ્ડ એક્સેસ-કંટ્રોલ્ડ મોકામા-મુંગેર વિભાગના બાંધકામને હાઇબ્રિડ એન્યુઇટી મોડ (HAM) પર મંજૂરી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આજે આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ બક્સર-ભાગલપુર હાઇ-સ્પીડ કોરિડોર બિહારના ૪-લેન ગ્રીનફિલ્ડ એક્સેસ-કંટ્રોલ્ડ મોકામા-મુંગેર વિભાગના બાંધકામને હાઇબ્રિડ એન્યુઇટી મોડ (ૐછ૨સ) પર મંજૂરી આપી છે, જેની કુલ પ્રોજેક્ટ લંબાઈ ૮૨.૪૦૦ કિમી છે અને કુલ મૂડી ખર્ચ રૂ. ૪૪૪૭.૩૮ કરોડ છે.

આ સેકશન મોકામા, બરહિયા, લખીસરાય, જમાલપુર, મુંગેર જેવા મહત્વપૂર્ણ પ્રાદેશિક શહેરોમાંથી પસાર થાય છે અથવા તેમને કનેક્ટિવિટી પૂરી પાડે છે, જેમ કે પરિશિષ્ટ-૧ માં નકશામાં દર્શાવેલ છે.

પૂર્વી બિહારમાં મુંગેર-જમાલપુર-ભાગલપુર પટ્ટો એક મુખ્ય ઔદ્યોગિક ક્ષેત્ર તરીકે ઉભરી રહ્યો છે.

જે લશ્કરી ઔદ્યોગિક સંકુલ (સંરક્ષણ મંત્રાલય દ્વારા ઓર્ડનન્સ ફેક્ટરી કોરિડોરના ભાગ રૂપે હાલની ગન ફેક્ટરી અને અન્ય એક ફેક્ટરીનો પ્રસ્તાવ), લોકોમોટિવ વર્કશોપ (જમાલપુરમાં), ફૂડ પ્રોસેસિંગ (દા.ત., મુંગેરમાં ઁ્ઝ) અને સંબંધિત લોજિસ્ટિક્સ અને વેરહાઉસિંગ હબ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ભાગલપુર કાપડ અને લોજિસ્ટિક્સ હબ તરીકે ઉભરી આવ્યું છે,

જેનું નેતૃત્વ ભાગલપુરી સિલ્ક (ભાગલપુરમાં પ્રસ્તાવિત કાપડ ઇકોસિસ્ટમની વિગતો) દ્વારા કરવામાં આવે છે. બરહિયા ફૂડ પેકેજિંગ, પ્રોસેસિંગ અને કૃષિ-વેરહાઉસિંગ માટે એક પ્રદેશ તરીકે ઉભરી રહ્યું છે. આ પ્રદેશમાં વધતી આર્થિક પ્રવૃત્તિ ભવિષ્યમાં મોકામા-મુંગેર વિભાગ પર માલની અવરજવર અને ટ્રાફિકને વેગ આપવાની અપેક્ષા છે.

૪-લેન એક્સેસ-નિયંત્રિત કોરિડોર, નજીકના ટોલિંગ સાથે, ૮૦ કિમી/કલાકની સરેરાશ વાહનોની ગતિને ટેકો આપે છે અને ૧૦૦ કિમી/કલાકની ડિઝાઇન ગતિ એકંદર મુસાફરી સમયને આશરે ૧.૫ કલાક ઘટાડશે, જ્યારે મુસાફરો અને માલવાહક વાહનો બંને માટે સુરક્ષિત, ઝડપી અને અવિરત કનેક્ટિવિટી પ્રદાન કરશે. ૮૨.૪૦ કિ.મી. લાંબા પ્રસ્તાવિત પ્રોજેક્ટથી લગભગ ૧૪.૮૩ લાખ માનવદિવસ પ્રત્યક્ષ રોજગાર અને ૧૮.૪૬ લાખ માનવદિવસ પરોક્ષ રોજગારનું સર્જન થશે. પ્રસ્તાવિત કોરિડોરની આસપાસ આર્થિક પ્રવૃત્તિમાં વધારો થવાને કારણે આ પ્રોજેક્ટ રોજગારની વધારાની તકો પણ ઉભી કરશે.

## મહીસાગર જિલ્લામાં પ્રાકૃતિક ખેતીને વેગ આપવા 'કિસાન ગોષ્ઠી'નું આયોજન, ૧૦૦ થી વધુ ખેડૂતો જોડાયા

માહિતી બ્યુરો મહીસાગર

રાજ્યમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટે આત્મા પ્રોજેક્ટ, ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડ, ખેતીવાડી અને બાગાયત વિભાગ દ્વારા સઘન પ્રયાસો થઈ રહ્યા છે. આ જ પહેલના ભાગરૂપે આજ રોજ મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના ગોધર ગામે આત્મા પ્રોજેક્ટ દ્વારા 'કિસાન ગોષ્ઠી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ખેડૂતોને ઝીરો બજેટ ખેતી એટલે કે દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. આ કિસાન ગોષ્ઠીમાં ૧૦૦ થી વધુ ખેડૂતો ઉત્સાહભેર જોડાયા હતા.

# વિધાનસભામાં કેગ નો રીપોર્ટ રજુ કરાયો : રાજય સરકારે વર્ષ ૨૦૨૩-૨૪ માં રૂ.૨૭૧૭૬ કરોડ નુ વ્યાજ ચુકવ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રના આજે છેલ્લા દિવસે ગૃહમાં ૨૦૨૩-૨૪ ના વર્ષનો કેગનો અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો. રાજયની નાણાંકીય સ્થિતિનો રીપોર્ટ રજુ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૩-૨૪ માં રાજકોષીય ખાદ્ય ૨૩૪૯૩ કરોડ રૂપીયા હોવાનો રીપોર્ટમાં ઉલ્લેખ કરાયો છે. આ ઉપરાંત કેગ દ્વારા આવક અને ખર્ચમાં વિસંગતતા પર કેગ દ્વારા ટીપ્પણી કરવામાં આવી છે. ગુજરાત વિધાનસભા ગૃહમાં વર્ષ ૨૦૨૩-૨૪ નો રાજયની નાણાંકીય સ્થિતિનો રીપોર્ટ રજુ કરવામાં આવ્યો હતો. રાજકોષીય ખાદ્ય ૨૩૪૯૩ કરોડ રૂપીયા હોવાનુ આ રીપોર્ટમાં જણાવાયુ હતું. આ ઉપરાંત કેગ દ્વારા રાજયની આવક અને ખર્ચ પર વિસંગતતા હોવા અંગે ટીપ્પણી કરવામાં આવી હતી. આ રીપોર્ટમાં રાજયની આવક, બિનકર આવક અને કર વેરાની આવકમાં વિસંગતતા હોવાનો ઉલ્લેખ કરાયો હતો.

## જીવન આસ્થાઃ જીવનની નવી આશા

# સ્પર્ધાત્મક યુગમાં લાખો નિરાશાઓની વચ્ચે 'જીવન આસ્થા' ગુજરાતના લાખો લોકોના દિલમાં આશાનું કિરણ જગાવવાનું પવિત્ર કાર્ય કરી રહી છેઃ ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી

ગાંધીનગર,

ગાંધીનગર શહેર ખાતે ટાઉન હોલમાં વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં આજે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ ગુજરાત પોલીસની 'જીવન આસ્થા' હેલ્પલાઇનની ૧૦ વર્ષની જવલંત સફળતાને બિરદાવી, હેલ્પલાઇનના સૌ કર્મચારીઓ, પોલીસ વિભાગના જવાનો અને અધિકારીઓ ઉપરાંત આ હેલ્પલાઇનની સેવામાં સદાય તત્પર રહેનાર મનોચિકિત્સકોને અભિનંદન પાઠવી તમામનું સન્માન કર્યુ હતું. તેમણે જણાવ્યું હતું કે, આ સ્પર્ધાત્મક યુગમાં લાખો નિરાશાઓની વચ્ચે 'જીવન આસ્થા' ગુજરાતના લાખો લોકોના દિલમાં આશાનું કિરણ જગાવવાનું પવિત્ર કાર્ય કરી રહી છે. આ હેલ્પલાઇનની સફળતાના ૧૦ વર્ષ અને રેકોર્ડબ્રેક કામગીરી અંગે મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ કે, ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ ગાંધીનગર જિલ્લા પોલીસે શરૂ કરેલી આ હેલ્પલાઇન આજે રાજ્યવ્યાપી બની છે. જેમાં હવે ગુજરાતથી જ નહિ, અન્ય રાજ્યોમાંથી પણ કોલ આવે છે અને તે નાગરિજોને પણ કાઉન્સેલીંગ કરી મૃત્યુના વિચારને મુળમાંથી નિકાળી




નવી જિંદગી જીવવા બળ આપવામાં આવે છે. દસ વર્ષના કાર્યકાળમાં, આ હેલ્પલાઇન થકી દોઢ લાખથી વધુ કોલ એટેન્ડ કરવામાં આવ્યા છે, જે સમગ્ર દેશમાં સૌથી સારું કામ કરતી ગુજરાતની સૌથી મોટી હેલ્પલાઇનનો રેકોર્ડ છે. આ દોઢ લાખ માત્ર કોલ જ નથી, દોઢ લાખ પરિવારોના મોભી, પરિવારનો ચિરાગ કે પરિવારની લક્ષ્મીને બચાવી લઇને આ દોઢ લાખ પરિવારોની ખુશીને જીવંત રાખવાનું કાર્ય આ ટીમ દ્વારા કરવામાં આવ્યુ છે. મંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, સમગ્ર દેશમાં પ્રથમ રાજ્ય ગુજરાત હતું જેને આ પ્રકારના પ્રયાસ કરીને લોકોના જીવન બચાવવાનું કાર્ય કર્યું છે. જિંદગી ખતમ કરવાનું વિચારતા નિરાશ લોકોને જીવન તરફ પાછા વાળવાનું આ કાર્ય સૌથી મોટું પૂણ્યનું કાર્ય છે. ગુજરાત પોલીસના અનેક સારા કાર્યો પૈકી જો કોઈ સવર્શ્રેષ્ઠ કાર્ય હોય તો તે લોકોના જીવ બચાવવાનું છે. તણાવ અને હતાશામાં સપડાઈને કોઈ વ્યક્તિ ટ્રેન પાસે, કોઈ કેનાલ પાસે, કોઈ પંખે દુપટ્ટો બાંધી કે કોઈ હાથમાં પોઈઝનની શીશી લઈને જ્યારે આપઘાત કરવાનું મક્કમતાથી વિચારી બેઠી હોય ત્યારે આવી વ્યક્તિને માનસિક સપોર્ટ સાથે સાથે કાઉન્સિલિંગ અને અન્ય તમામ જરૂરી મદદ પૂરી પાડી તેમને મોતના મોંમાંથી પાછું લઈને આવું તેનાથી મોટું કોઈ કાર્ય હોય ન શકે. આ પ્રકારની શ્રેષ્ઠ કામગીરી કરી રહેલી આ ટીમને આ હેલ્પલાઇનના વધુને વધુ અવેરનેસ અને ટેકનિકલ સપોર્ટ માટે ગુજરાત સરકાર તરફથી બજેટ ઉપરાંત આજે વધારાના રૂપિયા પાંચ કરોડ ફાળવવાની જાહેરાત મંત્રીશ્રીએ કરી છે. સરકારના પ્રજાલક્ષી અભિગમના ભાગરૂપે આ હેલ્પલાઇન એક નિઃશુલ્ક સેવા છે. પોલીસ વિભાગ દ્વારા મનોવૈજ્ઞાનિક ક્ષેત્રે લાયકાત ધરાવતા યુવાનો અને યુવતીઓને નિમણૂક આપીને હતાશ નિરાશ લોકોને યોગ્ય કાઉન્સેલિંગ મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. મંત્રીશ્રીએ સ્પષ્ટ કહ્યુ કે સરકારના આવા પ્રયત્નોથી જો એક પણ વ્યક્તિનું જીવન બચી શકે છે, તો આ પ્રોજેક્ટ પાછળ ખર્ચેલા તમામ પૈસા સાર્થક ગણાય છે. મંત્રીશ્રીએ કેટલાક પ્રેરણાદાયક કિસ્સાઓ પણ રજૂ કર્યા જેમને બચાવવામાં આ ટીમ સફળ રહી છે, જેમાં પ્રેમ લગ્ન શક્ય ન લાગતા નર્મદા કેનાલ પાસે આત્મહત્યા કરવા ગયેલુ યુગલ, આર્થિક સંકડામણથી કંટાળીને રેલવે ટ્રેક પાસે સ્યુસાઇડ કરવા પહોંચી ગયેલા યુવાનને ટેક્નિકલ સર્વેલન્સની મદદથી ટ્રેસ કરીને ટ્રેક પરથી બચાવેલા વ્યક્તિ, અને વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ગયેલા નાના વેપારીના આખા પરિવારનો કેનાલ પાસેથી બચાવ્યાના કિસ્સાનો સમાવેશ થાય છે.

## રાધનપુર-સાંતલપુરમાં વરસાદી અસર બાદ તંત્ર દ્વારા રાહત-બચાવ કામગીરી પુરજોશમાં

માહિતી બ્યુરો, પાટણ

પાટણ જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી પવન સાથે ભારે વરસાદ નોંધાયો છે. ખાસ કરીને રાધનપુર અને સાંતલપુર તાલુકાના ગામો ભારે વરસાદને કારણે પ્રભાવિત થયા હતા. જેમાં રાધનપુર અને સાંતલપુર તાલુકામાં ૭૬ ગામોમાં વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કરવામાં આવ્યો છે જ્યારે બાકીના ગામોમાં વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કરવાની કામગીરી કરવામાં આવી રહી છે.


**પશ્ચિમ રેલવે - વડોદરા મંડળ**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ઈ-ટેન્ડર નોટિસ નં. DRM-BRC 118 થી 119 વર્ષ 2025-26**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચેના કામો માટે ભારતના રાષ્ટ્રપતિ વતી સીલબંધ ટેન્ડર મંગાવવામાં આવે છે.

| ક્ર. નં. | ટેન્ડર નં. | કામનું નામ | કામની અંદાજિત કિંમત (રૂ.માં) | જમા કરાવવાની બિડ સિક્યોરિટી (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM BRC 118 વર્ષ 2025-26 | વડોદરા મંડળ:- ANND-GDA અને ANND-CBY વિભાગ પર રબરાઇઝ્ડ સપાટી LC (23 નંગ) પૂરા પાડીને રસ્તાની સપાટીમાં સુધારો. | 3,31,92,114.55 | 3,16,000.00 |
| 2 | DRM BRC 119 વર્ષ 2025-26 | વડોદરા મંડળ:- વડોદરા-ગેરતપુર વિભાગ:- Sr.DEN(N)BRC (21 નંગ LC) ના અધિકારક્ષેત્રમાં રબરાઇઝ્ડ સપાટી પૂરી પાડીને રસ્તાની સપાટીમાં સુધારો. | 5,57,49,862.31 | 4,28,800.00 |

**ટેન્ડર સબમિટ કરવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : ટેન્ડર 30.09.2025 ના રોજ 15.00 કલાક પહેલા સબમિટ કરવાનું છે અને તે જ તારીખે 15.30 કલાકે ખોલવાનું છે.વેબસાઈટની વિગતો અને સૂચનાનું સ્થાન જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ટેન્ડર ફોર્મ જ્યાંથી ખરીદી શકાય તે કાર્યાલયનુ સરનામું: વેબસાઇટ: www.ireps gov in.** ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા -390 004.

BRC 180

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ

જમાલપુર ફાયર સ્ટેશન (હેડઓફિસ), ફલાય ઓવરબ્રીજ પાસે, જમાલપુર, અમદાવાદ- ૩૮૦૦૦૧
ફોન નં. ૦૭૯-૨૨૧૪૮૪૬૫/૬૬/૬૭/૬૮ તેમજ ૧૦૧ ઈ-મેલ : afes@ahmedabadcity.gov.in

**નવરાત્રી આયોજક દ્વારા કરેલ આયોજનમાં જાહેર સલામતી અર્થે કરવા જોગ ફાયર સેફટી અંગેની જાહેર નોટીસ**

| | |
|---|---|
| ૧. | નવરાત્રી આયોજક દ્વારા કોઈપણ મંડપ, પંડાલ કે ટ્રેમ્પરી સ્ટ્રકચરનું સ્ટેજ બનાવે ત્યારે સ્કુલ, હોસ્પિટલ, જ્વલનશીલ પદાર્થના ગોડાઉન ઈત્યાદીથી દુર નિર્માણ કરવાનું રહેશે. આ માટે મંડપમાં ફાયરના વાહનો આવી શકે તે મુજબ રોડ, રસ્તા ખુલ્લા રાખવાના રહેશે તથા અવરોધક વસ્તુઓ દુર કરવાની રહેશે. |
| ૨. | પંડાલ ની કેપેસીટી મુજબના વ્યક્તિઓ ને પ્રવેશ આપવાનો રહેશે. વ્યક્તિદીઠ ઓછામાં ઓછી ૧ સ્કવે.મી. જગ્યા રહે તે મુજબ પ્રવેશ આપવાનો રહેશે. |
| ૩. | નવરાત્રીના પંડાલમાં ફિક્સ પાર્ટીશન કરવાનું રહેશે નહિ ઈમરજન્સી ના સમયે વ્યક્તિઓ સહેલાઈ થી ઈમરજન્સી એક્ઝીટ તરફ જઈ શકે તે મુજબ રસ્તા ખુલ્લા રાખવાના રહેશે. |
| ૪. | નવરાત્રી આયોજક દ્વારા ઓછામાં ઓછા બે (૨) "EMERGENCY EXIT" રાખવાના રહેશે જે પરસ્પર વિરુદ્ધ દિશા માં હોવા જોઈએ. ગેટ ની સામે ના ભાગે ૦૫ મી. ઓપનીંગ હોય તે મુજબનું રાખવાનું રહેશે. |
| ૫. | નવરાત્રી આયોજક દ્વારા સીટીંગ વ્યવસ્થા થી બહાર નીકળવાનો રસ્તો (Traveling Distance) ૧૫ મી. થી વધારે ન હોવું જોઈએ. |
| ૬. | નવરાત્રી આયોજક દ્વારા કરવામાં આવેલ સીટીંગ વ્યવસ્થા માં સીટ ની ૧૦ રો અને ૧૦ બેઠક પછી પેસેજ આપવામાં આવેલ હોવો જોઈએ જેની પહોળાઈ ઓછામાં ઓછી ૧.૫ મી હોવી જોઈએ. |
| ૭. | નવરાત્રી આયોજક દ્વારા કોઈપણ મંડપ કોઈપણ પ્રકારની ભઠ્ઠી, ઈલેક્ટ્રિક સબ સ્ટેશન, ઈલેક્ટ્રિક ટ્રાન્સફોર્મર, ઈલેક્ટ્રિક હાઈટેન્શનલાઈન કે રેલ્વે લાઈન દુર કરવાના રહેશે બે સ્ટ્રક્ચર વચ્ચે ૦૨ મીટર થી ઓછુ અંતર હોવું જોઈ નહિ. |
| ૮. | સંચાલકો દ્વારા ધાર્મિક હેતુ માટે કરવામાં આવતા હવન,નાના હવનકુંડનો ઉપયોગ કરવામાં આવે ત્યારે પુરતી ફાયર સેફટીની સુવિધા ઉપલબ્ધ કરવાની તથા આવી જગ્યાની છત ઉપર સી.આઈ/જી.આઈ શીટ ૬ સે.મી. કરતા ઓછી ન હોય તે મુજબની રાખવાની રહેશે. |
| ૯. | સંચાલકો દ્વારા મંડપમાં આવતી જનમેદનીને સુચના આપવા અચૂક પબ્લિક એડ્રેસ સીસ્ટમ રાખવાની રહેશે. |
| ૧૦. | આયોજક દ્વારા કોઈપણ સ્ટ્રક્ચરની અંદર કોઈપણ પ્રકારના સ્ટોલ બનાવવાના રહેશે નહિ તથા આ સ્ટ્રક્ચરના સ્ટેજની નજીક કે સ્ટેજના નીચેના ભાગમાં આગ લાગી શકે તેવા કોઈપણ પ્રકારના ઘન કે પ્રવાહી પદાર્થનો સંગ્રહ કરવાનો રહેશે નહિ. |
| ૧૧. | નવરાત્રી આયોજક દ્વારા પંડાલમાં દૈનિક કેટલા વ્યક્તિઓ / દર્શકો/ ખેલૈયાઓ પ્રવેશે છે તેનો સંપૂર્ણ દસ્તાવેજી રેકોર્ડ રાખવાનો રહેશે. |
| ૧૨. | આયોજકો દ્વારા ડીઝલ જનરેટર સ્ટેજ અને અન્ય પંડાલ થી દુરના અંતરે રાખવાનું રહેશે. |
| ૧૩. | સંચાલકો દ્વારા મંડપમાં માતાજીની મૂર્તિ પાસે રાખવામાં આવતા દિવા નીચે રેતી નોબેઝ અચૂક રાખવાના રહેશે અને મંડપના સંચાલન અર્થે ઓછામાં ઓછા એક સ્વયંમસેવક રાઉન્ડ ધ કલોક ઉપલબ્ધ રાખવાના રહેશે. |
| ૧૪. | સંચાલકો દ્વારા આવા પંડાલમાં કે પંડાલની બહાર ફાયર ક્રેકર્સ કે રસોઈ બનાવાની સામગ્રી, LPG ગેસ સીલીન્ડર તેમજ ધૂમ્રપાનના સાધનો કે આગ લાગી શકે તેવા કોઈ પદાર્થ કે જ્યોત ઈત્યાદી રાખવાની રહેશે નહિ. |
| ૧૫. | આયોજકો દ્વારા મંડપમાં કરાવવામાં આવતા ઈલેક્ટ્રિક વાયરીંગ પ્રવર્તમાન વિજળી અધિનિયમ મુજબના કરાવવાના રહેશે તથા મંડપમાં કરવામાં આવેલ તમામ ઈલેક્ટ્રિક વાયરીંગ અંગે ગવર્મેન્ટ એપ્રુવડ ઈલેક્ટ્રિક ઈજનેરશ્રી પાસે ચકાસણી કરાવવાની રહેશે. ઈલેક્ટ્રિક વીજ ઉપકરણો નું ઈંસ્ટોલેશન IS-1646 -1982 મુજબ કરવાનું રહેશે. |
| ૧૬. | પંડાલમાં કરવામાં આવનાર વાયરીંગ પીવીસી આવરણવાળા, કંડકટર અથવા ટફ રબર વલ્કેનાઈઝેશન કરેલા હોવા જોઈએ. વાયરીંગ ના તમામ જોઈન્ટ પોર્સેલેઇન ઇન્સ્યુલેટેડ કનેકટર્સ થી કરવાના રહેશે. |
| ૧૭. | આયોજકો દ્વારા ઈલેક્ટ્રિકનું મુખ્ય સ્વીચ બોર્ડ એ.સી. અથવા જી.આઈ. માં બનાવવામાં આવેલ હોવું જોઈએ તથા આવા હંગામી મંડપથી દુરના અંતરે ઈલેક્ટ્રિક જંક્શન બોર્ડ પાઈલોટીંગ લાઈટ સાથે ઉપલબ્ધ કરાવવાના રહેશે. |
| ૧૮. | સંચાલકો દ્વારા કોઈપણ પ્રકારના ઈલેક્ટ્રિક લાઈટીંગ,બલ્બ કે ટ્યુબ લાઈટ કે તેના કોઈ પાર્ટ્સ મંડપના કોઈ ભાગ કે સુશોભન અથવા સળગી ઉઠે તેવી જ્વલંનશીલ સામગ્રીથી ઓછામાં ઓછા ૧૫ સે.મી. દુર રાખવાના રહેશે. |
| ૧૯. | IoT(Internet of Things) બેઝ ઈલેક્ટ્રિકલ સીસ્ટમ ઈક્વ્યુંપ્મેન્ટ હોવું અનેકનેકશન કરવુંફરજીયાત છે |
| ૨૦. | નવરાત્રી આયોજક દ્વારા સ્ટ્રક્ચરની અંદર તથા બહાર સરળતાથી વાંચી શકાય તે મુજબ અચૂક ઓટો ગ્લોવ મટીરીયલમાં સાઈન લગાવવા – "NO SMOKING ZONE", "EXIT", "EMERGENCY EXIT" |
| ૨૧. | આયોજક દ્વારા કોઈપણ છઝ મંડપ, પંડાલ કે તેના ટેમ્પરરી સ્ટ્રક્ચર બનાવવામાં આવેતોતેના પડદા અને કાર્પેટનેફાયર રીટાઈન્ડન્ટ પેઈન્ટ કરાવવા વધુમાં જમીન ઉપર બીછાવવા જોગ કાર્પેટ પણ આગ અકસ્માતથી સુરક્ષિત રહે તે મુજબ રાખવાના રહેશે. |
| ૨૨. | સંચાલકો દ્વારા આવા પંડાલમાં કે પંડાલની બહારના સળગી ઉઠે તેવી જ્વલંનશીલ સામગ્રી કે પદાર્થ, પ્રવાહી રાખવાના રહેશે નહિ તથા ફટાકડા નો ઉપયોગ કે સંગ્રહ કરવા નો રહેશે નહિ |
| ૨૩ | મોશન ફિલ્મ બતાવવા માટે સ્કીન બનાવવા માં આવેલ હોય તો ફરજીયાત તેમાં ફાયર સેફટી ફિલ્મ અચૂક પ્રદર્શિત કરવાની રહેશે. |
| ૨૪. | સંચાલકો દ્વારા પ્રત્યેક ૧૦૦ ચો.મી. વિસ્તારને ધ્યાને લેતા તેઓના મંડપમાં માતાજી ઉત્સવના તમામ સમયગાળા દરમ્યાન ૦૨ નંગ ABC ફાયર એક્ષટીંગ્યુંશર ૦૬ કી.ગ્રા.ની ક્ષમતાના તથા ૦૨ નંગ CO2 ફાયર એક્ષટીંગ્યુંશર ૪.૫ કી.ગ્રા.ની ક્ષમતાના અને ૨૦૦ લીટર પાણી ભરીને ડ્રમ ઢાકીને રાખવા તથા રેતી ભરેલી બે ડોલો અચૂક આ મંડપ પ્રીમાસીસમાં ઉપલબ્ધ કરાવવાના રેહશે. |
| ૨૫. | પંડાલમાં આગ સલામતી અર્થે પાણી નો પુરવઠો ફ્લોર એરિયા ના ૦.૭૫ લી/સ્કવે.મી કરતા ઓછો હોવો જોઈએ નહિ તથા પાણી નો પુરવઠો ડ્રમ, બકેટ માં સુવ્યવસ્થિત ઝડપથી ઉપયોગમાં લઈ શકાય તે મુજબ ગોઠવણી કરવાની રહેશે. |
| ૨૬. | સંચાલકો દ્વારા મંડપમાં આગ અકસ્માતની સલામતી અર્થે માતાજીના ઉત્સવના તમામ સમયગાળા દરમ્યાન ફાયર એક્ષટીંગ્યુંશરના ઉપયોગ કરનાર જાણકાર પ્રશિક્ષિત વ્યક્તિઓને અચૂક રાઉન્ડ ધ કલોક રાખવાના રહેશે. |
| ૨૭. | સંચાલકો ને જણાવવામાં આવે છે કે, ઉક્ત સુચના ફક્ત ફાયર સેફટીના સલામતી અર્થે આપવામાં આવે છે. ફાયર વિભાગ સિવાયની અન્ય ઓથોરીટી જેવી કે, પોલીસ વિભાગ, ટ્રાફિક વિભાગ, મ્યુનિસિપલ કોર્પોરેશન ના અન્ય વિભાગો થકી આપવામાં આવતી સૂચનાઓનું પાલન તથા અમલવારી કરી અલગથી લાગત વિભાગના "ના-વાંધા પ્રમાણપત્ર" મેળવી લેવાના રહેશે. |
| ૨૮. | સંચાલકો દ્વારા ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફટી મેઝર્સ એક્ટ, રૂલ્સ અને રેગ્યુલેશન તેમજ વખતો-વખતના સુધારા, નેશનલ બિલ્ડીંગ પાર્ટ – 4, IS– 8758 મુજબની જોગવાઈ ઉપલબ્ધ કરાવવાનું સેલ્ફ ડીકલેરેશન (૩૦૦ રૂ. ના સ્ટેમ્પ પેપરમાં ફોટો નોટરી કરાવવાનું રહેશે.) અચૂક રજુ કરવાનું રહેશે. |
| ૨૯. | આગ અકસ્માતના કેસમાં તાકીદે ફાયર વિભાગના ૧૦૧, ૧૦૨ નંબર ઉપર સંપર્ક કરવાનો રહેશે. |
| ૩૦. | નવરાત્રી સંચાલકોને ફાયર વિભાગ દ્વારા વખતો-વખત આપવામાં આવતી સૂચનાઓનું અચૂક પાલન કરવાનું રહેશે. |
| ૩૧. | ફાયર વિભાગ ઉક્ત સૂચનોમાં જરૂરીયાત મુજબ વધારો / ઘટાડો કરવાનો અબાધિત અધિકાર રાખે છે. |
| ૩૨. | નવરાત્રીનાપર્વ નિમિતે ફાયર વિભાગનુંફાયરસેફટી સર્ટીફીકેટ – ટેમ્પરરી (FSCAT) મેળવવા માટે ઓનલાઈન (https://fscop.gujfiresafetycop.in/ નીવેબસાઈટ પર ઓનલાઈન અરજીકરીને જણાવેલદસ્તાવેજની હાર્ડ ફાઈલતૈયાર કરીને જમાલપુર ફાયરસ્ટેશન ખાતે સબમિટ કરાવવાનીરહેશે ત્યાર બાદ નિયમાનુસાર સ્થળ નિરીક્ષણ કરીને FSCAT મેળવવાનીરહેશે. (ઓનલાઈન અરજી અને હાર્ડ કોપીની ફાઈલ સબમિટ ઈવેન્ટ ચાલુ થવાના ઓછામાં ઓછા ૩(ત્રણ) દિવસ પહેલા કરવાની રહેશે.) |

**ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર (ફાયર)**

# જનવિશ્વાસ બીલ : ૧૧ કાયદાઓ અને નિયમો હેઠળની ૫૧૬ જોગવાઈ અપરાધમુક્ત

## કેન્દ્ર અને રાજયસ્તરે ૪૦ હજાર થી વધુ કમ્પ્લાયન્સીસ નાબુદ કરાયા : નાની ભુલો માટે કેદની સજાના બદલે દંડની જોગવાઈ : જન વિશ્વાસ વિધેયક વાસ્તવમાં જન અવિશ્વાસ વિધેયક : ગોપાલ ઈટાલીયા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભાના ૩ દિવસના ટુંકા સત્રનુ આજે બુધવારે સમાપન થયુ હતું, ત્યારે અંતિમ દિવસે જન વિશ્વાસ વિધેયક ૨૦૨૫ ઉપર વિપક્ષ ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ કેટલાક વેધક સવાલો ઉઠાવ્યા હતા, ૧૫ મી ગુજરાત વિધાનસભાના ૭મા સત્રના બીજા દિવસે આ હેતુસર ઉદ્યોગમંત્રીએ ગુજરાત જનવિશ્વાસ (જોગવાઈઓના સુધારા) વિધેયક ૨૦૨૫ વિધાનસભા ગૃહમાં રજુ કર્યુ હતું. જેને બહુમતીએ પસાર કરવામાં આવ્યુ હતું.



એટલુ જ નહી ટેકનોલોજીનો ઉપયોગ થી જયાં ઝડપી અને સારા પરીણામો પ્રાપ્ત કરી શકાય એવા ક્ષેત્રોમાં તેમના માર્ગદર્શનને પણ સરકારે આવકાર્યુ છે. આથી કેન્દ્ર સરકારે ૨૦૨૩ માં જન વિશ્વાસ કાયદો અમલમાં મુકીને સરકારે કમ્પ્લાયન્સીસ ઘટાડવાનો પ્રયાસ કર્યો છે. આ દિશામાં કેન્દ્ર અને રાજય સ્તરે ૪૦ હજાર થી વધુ કમ્પ્લાયન્સીસ નાબુદ કરવામાં આવ્યા, આનાથી ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને પ્રોત્સાહન મળ્યુ છે. તાજેતરમાં જન વિશ્વાસ બીલ ૨.૦ સંસદમાં રજુ થયુ છે. રાજય સરકારે કેન્દ્ર સરકારના જન વિશ્વાસ વિધેયક ૨.૦ નો વિસ્તૃત અભ્યાસ કર્યા બાદ ગુજરાત જન વિશ્વાસ (જોગવાઈઓમાં સુધારા) વિધેયક ૨૦૨૫ તૈયાર કર્યુ છે. રાજય સરકારના ૬ વિભાગોના ૧૧ કાયદાઓ અને નિયમો હેઠળની ૫૧૬ જોગવાઈઓને અપરાધમુકત ડિક્રિમિનલાઈઝડ કરવાનો આ વિધેયકનો હેતુ છે. મંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યુ હતુ કે આ વિધેયકમાં કાયદાઓ અને નિયમોમાં સુચવાયેલા સુધારાઓમાં નાની ભુલો માટે શકય હોય ત્યાં કેદની સજા દુર કરવામાં આવી છે અને ફાઈન એટલે કે દંડને બદલે નાણાંકીય પેનલ્ટીની જોગવાઈઓ કરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે રાજય સરકારના શહેરી વિકાસ વિભાગ, શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, નર્મદા- જળ સંપત્તિ અને પાણી પુરવઠા કલ્પસર વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, કૃષિ અને ખેડુત કલ્યાણ તેમજ સહકાર વિભાગ તથા નાણાં વિભાગના ૧૧ કાયદાઓ નિયમો હેઠળની ૫૧૬ જોગવાઈઓને અપરાધમુકત કરવાથી સજાના ડર ને બદલે પ્રમાણિકતાથી કાયદાઓના પાલનમાં મદદ મળશે.

મંત્રીએ જે ૫૧૬ જોગવાઈઓ અપરાધમુકત કરવામાં આવી છે તેની વિગતો આપતા કહ્યુ હતુ કે એક જોગવાઈમાં કેદ ની કલમ છે તેને દુર કરવામાં આવી રહી છે, ૧૭ જોગવાઈઓમાં કેદ અથવા ફાઈનને પેનલ્ટીથી બદલવામાં આવી રહી છે અને ૪૯૮ જોગવાઈઓમાં ફાઈનને પેનલ્ટીથી બદલવામાં આવશે. આ ઉપરાંત ૮ કાયદાઓ હેઠળ ઉલ્લંઘનના સમાધાન માટેની વ્યવસ્થા સાથે અધિકારી દ્વારા પેનલ્ટીની રકમ સ્વીકારી શકાય તેવી જોગવાઈઓ કરવામાં આવી છે.

વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યુ હતુ કે જનતામાં વિશ્વાસની જગ્યાએ અવિશ્વાસ વધે એ રીતનો જન વિશ્વાસ વિધેયક કાયદો સરકારે બનાવ્યો છે, જન વિશ્વાસ વિધેયક હકીકતમાં જન અવિશ્વાસ વિધેયક છે, ગોપાલ ઈટાલીયાએ વધુમાં કહ્યુ હતુ કે ભાજપ સરકારે ખેડુત વિરોધી કાળો કાયદો પસાર કર્યો, અમે તેનો પુરજોશથી વિરોધ કર્યો છે, જન વિશ્વાસ વિધેયકનો મે ભરપુર વિરોધ કર્યો પરંતુ બહુમતીના જોરે ભાજપે કાયદો પાસ કરાવ્યો છે.વિધાનસભામાં ખેડુત વિરોધી, ગામડા વિરોધી અને સહકારી ક્ષેત્ર વિરોધી કાયદો પસાર કરવામાં આવ્યો છે. આ કાયદા પ્રમાણે સહકારી મંડળીમાં જો કોઈ ખોટા પુરાવાના આધારે સભ્યથી લઈને ચેરમેન કઈ પણ બનશે તો તેને જેલની સજા કરવામાં આવશે નહી અને ફકત ૫ હજાર રૂપીયાનો દંડ કરવામાં આવશે, આ બાબતનો મે ખુબ જ વિરોધ કર્યો હતો. જો કોઈ વ્યકિત ખોટા ડોકયુમેન્ટ આપીને સભાસદ કે પછી ચેરમેન પણ બને તો તેને જેલમાં નાખવો જોઈએ, ખોટા ડોકયુમેન્ટમાં ખેડુતોના નામે ખોટી લોન પણ લેવાય છે, હવે નવા કાયદા પ્રમાણે ખોટા ડોકયુમેન્ટ આપનાર જો તમામ ડોકયુમેન્ટ અને રેકર્ડ જો કોઈ ગાયબ કરી દે તો જેલની સજાની જગ્યાએ ફકત દંડ કરવામાં આવશે. નવા કાયદા પ્રમાણે ગેરકાયદેસર બાંધકામ કરનારને પણ જેલની જગ્યાએ ફકત ૫૦ હજાર રૂપીયાનો દંડ કરવામાં આવશે, આનાથી ગેરકાયદેસર બાંધકામ કરનારાઓની હિંમત વધશે.

# ૧૬ સપ્ટે. એ પ્રાથમિક શાળાઓના સમયમાં કરાયો ફેરફાર : માત્ર ૩ કલાક જ વિદ્યાર્થીઓને ભણાવાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના શિક્ષણ વિભાગના આદેશ મુજબ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ પ્રાથમિક શાળાઓનો સમય સવારે ૮ વાગ્યા થી ૧૧ વાગ્યા સુધીનો રહેશે. સામાન્ય દિવસોની સરખામણીએ આ દિવસે શાળાઓ ૩ કલાક વહેલી પુર્ણ થઈ જશે. શિક્ષણ વિભાગ દ્વારા આ નિર્ણય પાછળનુ મુખ્ય કારણ સ્પષ્ટ કરવામાં આવ્યુ છે.




ગુજરાત રાજય શિક્ષક મહાસંઘ દ્વારા ૧૬ સપ્ટેમ્બરે રાજય વ્યાપી રકતદાન કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ પવિત્ર કાર્યમાં શિક્ષકો મોટી સંખ્યામાં જોડાઈ શકે અને સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી શકે તે હેતુથી શાળાઓનો સમય સવારનો કરવામાં આવ્યો છે. આ નિર્ણય દ્વારા શિક્ષણ વિભાગે શિક્ષકોના સામાજિક કાર્યોને પ્રોત્સાહન આપ્યુ છે અને તેમને રકતદાન જેવા ઉમદા કાર્યમાં ભાગ લેવા માટે પુરતો સમય પુરો પાડયો છે. આ આદેશનુ પાલન કરવુ તમામ પ્રાથમિક શાળાઓ માટે ફરજીયાત છે. આ જાહેરાત શિક્ષકો અને વાલીઓ બંને માટે રાહતરૂપ બની રહેશે. ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ યોજાનાર ભવ્ય મહારકતદાન શિબિર એ માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ ગુજરાતના કર્મચારીઓ દ્વારા માનવતાના મહાદાનનુ એક ઉદાહરણ છે. આ શિબિરનુ આયોજન ભારત સરકારના મહત્વકાંક્ષી ઓપરેશન સિંદુરની સફળતા અને ગુજરાતના પનોતાપુત્ર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મ દિવસની પૂર્વ સંધ્યાએ કરવામાં આવ્યુ છે. આ ભગીરથ કાર્યમાં રાજયના તમામ વિભાગોના કર્મચારીઓ ઉમંગભેર જોડાઈ રહ્યા છે. ખાસ કરીને શિક્ષણક્ષેત્રે કાર્યરત પ્રાથમિક શિક્ષકો પણ આ સમાજોપયોગી પ્રવૃત્તિમાં પોતાનુ યોગદાન આપવા ઉત્સાહિત છે.

આ મહાન કાર્યમાં શિક્ષક ભાઈબહેનો સરળતાથી ભાગ લઈ શકે તે હેતુથી આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણના કાર્યાલય દ્વારા એક મહત્વપુર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. તા. ૧૬ સપ્ટેમ્બર મંગળવારના રોજ રાજયની તમામ સરકારી પ્રાથમિક શાળાઓનો સમય સવારે ૮ થી ૧૧ કલાક સુધીનો રહેશે. આ ફેરફાર ફકત આ એક જ દિવસ પુરતો લાગુ પડશે. જેથી શિક્ષકો સવારે ૧૧ વાગ્યા બાદ ૩૦૦ થી વધુ સ્થળોએ આયોજીત રકતદાન શિબિરમાં ભાગ લઈ શકે, રકતદાન એ જીવનદાન છે, એક નાનકડુ યોગદાન કોઈના જીવનને બચાવી શકે છે, રાજયના તમામ પ્રાથમિક શિક્ષકોને આ અવસરનો લાભ લઈને આ માનવતાના મહાદાનમાં જોડાઈ, સમાજ પ્રત્યેની પોતાની ફરજ નિભાવવા અપીલ કરવામાં આવી છે. આ નિર્ણય શિક્ષકોને સમાજ સેવામાં જોડાવવા માટે પ્રોત્સાહિત કરશે અને રકતદાન મહત્વ વિશે જાગૃતિ પણ ફેલાવશે.

# અરવલ્લી જિલ્લાની મોડાસા નગરપાલિકા ની હદનો વિસ્તાર વધ્યો: ૬ ગામડાઓનો નગરપાલિકા વિસ્તારમાં સમાવેશ કરાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેર માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજય સરકારે તાજેતરમાં એક નોટીફીકેશન બહાર પાડીને મોડાસા નગરપાલિકાની હદનો વિસ્તાર વધાર્યો છે, આ નિર્ણય હેઠળ મોડાસા તાલુકાના ૬ ગામડાઓના કેટલાક વિસ્તારોને મોડાસા નગરપાલિકામાં સમાવી લેવામાં આવ્યા છે, આ પગલાથી મોડાસા નો ભૌગોલિક વિસ્તાર વધશે અને વહિવટી માળખામાં પણ ફેરફાર થશે. આ નોટીફીકેશનને કારણે સ્થાનિક રહેવાસીઓ, રાજકીય નેતાઓ અને વહિવટી તંત્રમાં મિશ્ર પ્રતિભાવ જોવા મળી રહ્યો છે. કેટલાક લોકો આ નિર્ણયને વિકાસ માટે આવકાર્ય ગણી રહ્યા છે, જયારે કેટલાક લોકો ભવિષ્યની સમસ્યાઓ અંગે ચિંતિત છે. અર્બન ડેવલપમેન્ટ એન્ડ અર્બન હાઉસિંગ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા નોટીફીકેશન મુજબ મોડાસા તાલુકાની ૩ ગ્રામ પંચાયતોનો વિસ્તારનો મોડાસા




નગરપાલિકામાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગ્રામ પંચાયતોમાં ખલીકપુર, સાયરા અને સબલપુર ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે. આ વિસ્તારો હવે ગ્રામ્ય માંથી શહેરી વિસ્તારમાં રૂપાંતરીત થશે. આ હદ વિસ્તરણના કારણે મોડાસા નગરપાલિકાના વહિવટી અને રાજકીય માળખામાં મોટા ફેરફારો થશે. હાલમાં મોડાસા નગરપાલિકામાં ૯ વોર્ડ છે. નવા વિસ્તારોના સમાવેશ બાદ વોર્ડની સંખ્યા વધીને ૧૧ થશે. આ સાથે કોર્પોરેટરોની સંખ્યા પણ વધીને ૪૪ થશે. આ ફેરફારો આગામી નગરપાલિકાની ચુંટણીઓ માટે નવા રાજકીય સમીકરણોનુ નિર્માણ કરશે. સત્તાધીશોમાં આ નિર્ણયથી ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કારણ કે આ વિસ્તરણ તેમને નવી જવાબદારીઓ અને તકો પુરી પાડશે. આ હદ વિસ્તરણથી સ્થાનિક રહેવાસીઓ પર સીધી અસર પડશે, એક તરફ આ વિસ્તારો ગ્રામ્યમાંથી શહેરી વિસ્તારમાં આવતા તેમને કેટલીક નવી સુવિધાઓ મળવાની સંભાવના છે. નગરપાલિકાના નિયમો અને યોજનાઓ હેઠળ આ વિસ્તારોમાં રોડ રસ્તા, પાણી, ગટર, વિજળી અને અન્ય માળખાકીય સુવિધાઓમાં સુધારો થશે તેવી અપેક્ષા છે, આ વિકાસની આશા સાથે લોકોમાં હકારાત્મક જોવા મળી રહી છે. જો કે આ ફેરફારનુ બીજુ પાસુ પણ છે, ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકોનો વેરો વધશે, અત્યાર સુધી તેઓ ગ્રામ પંચાયતના ઓછા વેરાના દાયરામાં આવતા હતા. પરંતુ હવે તેમને નગરપાલિકાના નિયમો મુજબ વધુ વેરો ચુકવવો પડશે. આનાથી સ્થાનિક રહેવાસીઓમાં વેરાના વધારા અંગે ચિંતા પણ જોવા મળી રહી છે. હાલમાં મોડાસા નગરપાલિકાના વર્તમાન વિસ્તારમાં પણ કેટલીક સમસ્યાઓ જેવી કે પાણીની અછત, સ્વચ્છતા અને ગટર વ્યવસ્થા જેવી બાબતો જોવા મળે છે, હવે હદ વિસ્તાર વધતા, વહિવટી તંત્ર સામે આ સમસ્યાઓને નવા વિસ્તારોમાં પણ પહોચાડવાનો મોટો પડકાર રહેશે. શું આ વિસ્તરણથી સમસ્યાઓ ઓછી થશે કે વધશે, તે આગામી દિવસોમાં સ્પષ્ટ થશે. આ ઉપરાંત નવા વોર્ડની રચના અને સીમાંકન કેવી રીતે તૈયાર કરાશે તેના પર પણ સૌની નજર રહેશે. આ પ્રક્રિયામાં રાજકીય ગણતરીઓ પણ મહત્વનો ભાગ ભજવશે. રાજકીય પક્ષો માટે આ વિસ્તારોમાં પોતાની પકકડ મજબુત બનાવવાની નવી તક ઉભી થઈ છે. મોડાસા નગરપાલિકાની હદનો વિસ્તાર વધારવાનો રાજય સરકારનો નિર્ણય એક મોટુ પગલુ છે. આ નિર્ણય મોડાસાના ભવિષ્યના વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે, પરંતુ આ સાથે વહિવટી તંત્ર અને સ્થાનિક નેતાઓ માટે નવા પડકારો પણ ઉભા થયા છે. આ વિસ્તરણથી નાગરીકોને ખરેખર કેટલી સુવિધા મળશે અને તેમની સમસ્યાઓનુ નિરાકરણ કેવી રીતે આવશે તે જોવુ રહ્યું. આ સમગ્ર પ્રક્રિયા મોડાસાના શહેરીકરણ અને વિકાસ ના નવા અધ્યાયની શરૂઆત કરશે તેવી અપેક્ષા સધાઈ છે.

# સત્રના છેલ્લા દિવસે ગૃહમાં ડ્રામા અને ડાયલોગબાજી: મકવાણાએ બીલ ફાડયું : ગોપાલ કાના વચ્ચે તડાફડી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતની ૧૫ મી વિધાનસભાનુ ૭ મુ સત્ર ૮ સપ્ટેમ્બરથી શરૂ થયુ હતુ, ૩ દિવસના સત્રનો આજે ૧૦ સપ્ટેમ્બર ના રોજ ત્રીજો દિવસ હતો ત્યારે સત્રની શરૂઆત પ્રશ્નોત્તરીકાળથી કરવામાં આવી હતી, ગૃહમાં કારખાના (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૨૫ પર ચર્ચા ચાલી રહી હતી જેમાં સભ્યો પોતાના વિચારો રજુ કરી રહ્યા હતા.



ચર્ચા દરમિયાન ઉમેશ મકવાણાએ ગૃહમાં બીલ ફાળી નાખતા અધ્યક્ષ શંકર ચૌધરીએ તેમને ઠપકો આપ્યો હતો. તો ગોપાલ ઈટાલીયાની ચાલુ સ્પીચમાં કાંતી અમૃતિયા બે વાર અકળાઈને ઉભા થઈ જતા વિધાનસભામાં ઈટાલીયા અને અમૃતિયા વચ્ચે તડાફડી જોવા મળી હતી, પ્રશ્નોત્તરી દરમિયાન કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ રાઈટ ટુ એજયુકેશન હેઠળ કેટલીક શાળાઓમાં કેટલાક બાળકો સાથે ભેદભાવપૂર્વક વર્તન કરવામાં આવે છે, તે સંદર્ભનો પ્રશ્ન પુછયો હતો, આ પ્રશ્ન અગાઉ તેમણે એવુ કહ્યુ કે મણીનગરની સેવન્થ ડે હાઈસ્કુલમાં જે ઘટના બની તેનુ મને ખુબ જ દુઃખ છે અને હું તેને વખોડી કાઢુ છુ, ત્યારબાદ જવાબ આપવા ઉભા થયેલા શિક્ષણમંત્રીએ એવુ કહ્યુ કે તમારે ધ્યાન રાખવુ જોઈએ, છોકરાઓમાં ઝનુન કેમ ફેલાય છે, તમારે સમજાવુ જોઈએ, શિક્ષણમંત્રીના આ જવાબથી ગૃહમાં સન્નાટો છવાઈ ગયો હતો અને તુરંતજ કોંગ્રેસના ધારાસભ્યોએ ઉભા થઈને ભારે હોબાળો મચાવ્યો હતો, પરંતુ અધ્યક્ષ શંકર ચૌધરીએ હાથના ઈશારાથી ધારાસભ્યને બેસાડી દીધા હતા.

પ્રશ્નોત્તરીનો સમય પુરો થયા બાદ વિધાનસભામાં આ મુદ્દાને લઈને ભારે ચર્ચા થઈ હતી અને ખુદ કેટલાક મંત્રીઓ પણ માને છે કે શિક્ષણમંત્રીએ ગૃહની અંદર આ પ્રકારનુ નિવેદન આપવાની જરૂર ન હતી, મહત્વનુ છે કે ઈમરાન ખેડાવાલા મુસ્લીમ સમાજમાં થી આવતા ધારાસભ્ય છે અને સેવન્થ ડે સ્કુલમાં વિદ્યાર્થીની હત્યા કરનાર વિદ્યાર્થી પણ મુસ્લીમ સમાજનો વિદ્યાર્થી છે, આમ ચોકકસ સમુદાયને લઈને ધ્યાન રાખવાનુ શિક્ષણમંત્રીનુ નિવેદન ચર્ચાસ્પદ રહ્યુ હતુ, ઈમરાન ખેડાવાલાએ સવાલ ઉઠાવ્યો હતો કે આરટીઈ હેઠળ એડમીશન લેતા વિદ્યાર્થીઓ સાથે અન્યાય થાય છે, આ બાદ કુબેર ડીંડોરે કહ્યુ કે બાળકોમાં સંસ્કાર આપવાની જવાબદારી આપણી છે, ઈમરાન ખેડાવાલા જેવા પ્રતિનિધિની ખાસ જવાબદારી છે કે બાળકોમાં આવુ ઝનુન કેવી રીતે પેદા થાય ? આટલુ બોલતાજ ઈમરાન ખેડાવાલા અકળાઈ ઉઠયા હતા.

# આરટીઈ અંતર્ગત એડમીશન લેનાર બાળકો સાથે અમદાવાદની ૪ સ્કુલોમાં ભેદભાવ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાઈટ ટુ એજયુકેશન (આરટીઈ) અંતર્ગત એડમીશન મેળવેલા બાળકો સાથે શાળાઓ દ્વારા ભેદભાવ કરવામાં આવતો હોવાની ફરીયાદનો મુદ્દો ગુજરાત વિધાનસભા ગૃહમાં ઉછળ્યો હતો, કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ આ મુદ્દે પ્રશ્ન ઉઠાવતા રાજયના શિક્ષણમંત્રી કુબેર ડીંડોર દ્વારા આ અંગેની માહિતી આપવામાં આવી હતી.

ઈમરાન ખેડાવાલાએ જણાવ્યુ હતુ કે અમદાવાદ શહેર અને જિલ્લામાં આરટીઈ પ્રવેશના બાળકો સાથે ભેદભાવ કરવામાં આવે છે, તેમણે સરકારને પુછયું હતુ કે આ અંગે કેટલી ફરીયાદો મળી છે અને શું કાર્યવાહી કરવામાં આવી છે તેના જવાબમાં સરકારે જણાવ્યુ હતુ કે અમદાવાદ શહેરની ૪ શાળાઓ વિરૂધ્ધ આ પ્રકારની ફરીયાદ મળી છે અને તેમને નોટીસ પણ પાઠવવામાં આવી છે. ખેડાવાલાએ વધુમાં જણાવ્યુ હતુ કે અમદાવાદ જિલ્લામાં જે બાળકોને પ્રવેશ મળે છે તેમને અન્ય બાળકોથી અલગ રાખવામાં આવે છે, તેમને રમત ગમતના સાધનો વાપરવા દેવામાં આવતા નથી અને તેમની સાથે અલગ વર્તન કરવામાં આવે છે, તેમણે આક્ષેપ કર્યો હતો કે સરકારે માત્ર નોટીસ આપવાની કાર્યવાહી કરી છે , પરંતુ કોઈ દંડનાત્મક પગલા લીધા નથી.

ગુજરાત વિધાનસભાના ચાલુ સત્ર ના ત્રીજા દિવસે તારાંકિત પ્રશ્નોત્તરી દરમિયાન પાટણની એમ કે યુનિર્વસિટીને લઈને મોટો ઘટસ્ફોટ થયો હતો. પાટણના ધારાસભ્ય કિરીટ પટેલે સરકારને સવાલ કર્યો હતો કે શું એમ કે યુનિર્વસિટીને ફાળવેલી જગ્યા કરતા અન્ય સ્થળે ચાલી રહી છે ? આ સવાલના જવાબમાં સરકારે લેખિતમાં સ્વીકાર્યુ કે હા, યુનિર્વસિટી ખરેખર ફાળવેલી જગ્યાએથી અલગ સ્થળે કાર્યરત છે, પેટા પ્રશ્નના જવાબમાં સરકારે ચોંકાવનારી વાત સ્વીકારી કે, આ મુદ્દે અગાઉથી ૩ ફરીયાદો મળી ચુકી છે. જો કે જયારે ધારાસભ્યએ આ ફરીયાદો અંગે કાર્યવાહીની વિગતો પુછી ત્યારે સરકારે જણાવ્યુ કે આ ફરીયાદોને લઈને નિયમોનુસાર કાર્યવાહી હાલ વિચારણા હેઠળ છે. આ જવાબથી સ્પષ્ટ થાય છે કે ૩ ફરીયાદો છતાં સરકારે હજુ સુધી કોઈ નકકર પગલા લીધા નથી. વિધાનસભામાં આ મુદ્દે ચર્ચા ગરમાઈ હતી, કારણ કે સરકારનો વિચારણા હેઠળનો જવાબ ગણાને અસંતોષકારક લાગ્યો, આ ઘટના સરકારની શૈક્ષણિક સંસ્થાઓની દેખરેખ અને જવાબદારીની ગંભીરતા પર પણ સવાલો ઉભા કરે છે.

# કારખાના સુધારા (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૨૫ વિધાનસભા ગૃહમાં પસાર કરાયું : મહિલાઓ પણ રાત્રે કરી શકશે ૧૨ કલાકની નોકરી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રના છેલ્લા દિવસે કારખાના ધારા (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૨૫ મંજુર કરવામાં આવ્યુ હતું. આ વિધેયક રજુ કરતા શ્રમ રોજગાર મંત્રીએ જણાવ્યુ હતુ કે ૧૯૪૮ માં અમલમાં આવેલા મહિલા શ્રમ યોગીઓને રાત્રી પાળીમાં કામે રાખવાની જોગવાઈ ન હતી, પરંતુ આ સુધારા વિધેયકમાં દૈનિક કામના કલાકો તથા ઓવર ટાઈમના કલાકોની સંખ્યામાં ફેરફાર કરવાની અને રાત્રી પાળીમાં મહિલા શ્રમયોગીઓને કામે રાખવાની પરવાનગી આપવાની સત્તા ગુજરાત સરકારને પ્રાપ્ત થાય તેવી જોગવાઈ કરવાનો આ વિધેયકનો મુખ્ય ઉદેશ હતો. શ્રમ અને રોજગાર મંત્રી ગૃહમાં કારખાના ધારા (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૨૫ રજુ કરતા કહ્યુ હતુ કે રાજયમાં આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપવા રાષ્ટ્રીય હિતમાં નવા ઔદ્યોગિક એકમોમાં રોકાણ આકર્ષવુ અને રાજયમાં વધુ રોજગારી ઉભી કરવા માટે કારખાનાઓને યોગ્ય રાહતો આપવાની સાથે સાથે શ્રમિકોના હિતનુ રક્ષણ કરવામાં આવશે. તેમણે કહ્યુ હતુ કે કારખાના ધારો કેન્દ્ર સરકારનો કાયદો છે તેમાં મળેલ સત્તાઓ અનુસંધાને રાષ્ટ્રપતિની અનુમતીથી રાજય સરકારો પોતાના રાજયને લાયક જરૂરી સુધારા કરી શકે છે અને તે સત્તા હેઠળ ખાસ કરખાના જુથને અથવા વર્ગ ને દૈનિક કામના કલાકો તથા ઓવર ટાઈમના કલાકોની સંખ્યામાં ફેરફાર કરવાની અને રાત્રી પાળીમાં મહિલા શ્રમ યોગીઓને કામે રાખવાની પરવાનગી આપવાની સત્તા ગુજરાત સરકારને પ્રાપ્ત થાય તેવી જોગવાઈ કરવાનો આ વિધેયકનો મુખ્ય ઉદ્દેશ હતો. મંત્રીએ કહ્યુ હતુ કે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં સરકારને જરૂરી લાગે તેવી શરતો ખાસ કરીને મહિલા શ્રમયોગીઓની સલામતી અને સ્વાસ્થ્ય સંબંધી શરતોને ધ્યાને રાખીને આ અંગે જાહેરનામુ પ્રસિધ્ધ કરીને જ આવી મંજુરી રાજય સરકાર દ્વારા આપવામાં આવશે તેવી જોગવાઈ આ વિધેયકમાં કરવામાં આવી છે. હાલની જોગવાઈ મુજબ મહિલા શ્રમયોગીઓ પાસેથી સવારના ૬ થી સાંજના ૭ વાગ્યા સિવાયના કલાકોમાં કામ લઈ શકાતુ નથી, આ કલમ હેઠળની અન્ય જોગવાઈ મુજબ ઉકત સમયગાળા સિવાયના કલાકોમાં મહિલા શ્રમયોગીઓ પાસેથી કામ કરાવવા અંગે રાજય સરકાર સરકારી રાજપત્રમાં જાહેરનામુ બહાર પાડીને મંજુરી આપી શકે છે. વળી રાત્રીના ૧૦ થી સવાર ના ૫ કલાકના સમયગાળા દરમિયાન મહિલા શ્રમયોગીઓને કામે રાખી શકાય નહી તેવી સ્પષ્ટતા પણ મંત્રીએ ગૃહમાં કરી હતી. મંત્રીએ વધુમાં કહ્યુ હતુ કે કારખાના ધારા ૧૯૪૮ માં મહિલા શ્રમ યોગીઓને રાત્રી પાળીમાં કામે રાખવાની જોગવાઈ ન હોવા છતાં મહિલા શ્રમ યોગીઓને સમાનતા, સ્વતંત્રતા,વ્યવસાય કરવાના અને આર્થિક ઉપાર્જના કરવાના બંધારણીય અધિકારને ધ્યાને લઈને ગુજરાત ન્યાયાલય દ્વારા આપવામાં આવેલ નિર્દેશોને કાયદાકીય સ્વરૂપ આપવા માટે પ્રસ્તાવિત વિધેયકમાં ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે.

# ગુજરાતમાં કામદારો માટે ૪ દિવસ કામ અને ૩ દિવસ રજાનો કાયદો : આ નવા કાયદાથી કામદારોને ફાયદો રહેશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારે કામદારોના હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે, જેનાથી હવે કામદારોને અઠવાડીયામાં ૪ દિવસ કામ અને ૩ દિવસની રજા મળશે, આ સુધારા વિધેયક ગુજરાત વિધાનસભા ગૃહમાં રજુ કરવામાં આવ્યુ હતું.

શ્રમ રોજગાર મંત્રીએ આ વિધેયક રજુ કરતા જણાવ્યુ હતુ કે આ કાયદાથી કામદારોને વધુ રાહત મળશે અને ઉત્પાદકતામાં પણ વધારો થશે.


કામકાજના કલાકોમાં ફેરફાર કરવામાં આવ્યો છે, આ નવા કાયદા હેઠળ કામદારોને દિવસના ૮ કલાકને બદલે ૧૨ કલાક કામ કરવાની છુટ મળશે, જો કે અઠવાડીયાના કુલ કામકાજના કલાકો ૪૮ જ રહેશે, આનો અર્થ એ થયો કે, જો કોઈ કામદાર અઠવાડીયામાં ૪ દિવસ ૧૨ કલાક કામ કરે તો તેને બાકીના ૩ દિવસની સવેતન રજા મળશે, આનાથી કામદારોને પોતાના પરીવાર સાથે સમય વિતાવવા અને આરામ કરવા માટે વધુ સમય મળશે. જો કોઈ કામદાર દિવસના ૧૨ કલાક થી વધુ કામ કરે તો તેને ઓવરટાઈમ ગણવામાં આવશે, આ ઓવરટાઈમ માટે તેને સામાન્ય પગાર કરતા બમણો પગાર ચુકવવો પડશે, આ સુધારામાં ઓવર ટાઈમની મર્યાદા પણ વધારવામાં આવી છે, હવે કામદારો ૩ મહિનમાં ૭૫ કલાક ને બદલે ૧૨૫ કલાક સુધી ઓવર ટાઈમ કરી શકશે.

આ કાયદાનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતમાં ઉદ્યોગો અને કામદારો વચ્ચે સંતુલન જાળવવાનો છે, સરકારનુ માનવુ છે કે આ સુધારાથી ઉત્પાદકતા વધશે અને ઉદ્યોગોને પણ ફાયદો થશે તો બીજી તરફ કામદારોને પણ પોતાના કામ અને જીવન વચ્ચે સંતુલન જાળવવામાં મદદ મળશે. આ સુધારા વિધેયક થી ગુજરાતના લાખો કામદારોના જીવનમાં સકારાત્મક પરીવર્તન આવશે એવી આશા રાખવામાં આવી રહી છે. જો કે આ કાયદાનો અમલ કેવી રીતે થાય છે અને તેનાથી ખરેખર શું ફાયદો થાય છે તે હવે જોવુ રહ્યું.

# મુખ્યમંત્રી દ્વારા હિંમતનગર તાલુકાના રોડ રસ્તાના કામો માટે રૂ.૨.૮૦ લાખ ફાળવાયા : ધારાસભ્ય એ મુખ્યમંત્રીનો આભાર વ્યકત કર્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર તાલુકામાં રોડ રસ્તાના વિકાસના કામો માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા ૨.૮૦ લાખ ફાળવવામાં આવતા ધારાસભ્ય વી ડી ઝાલા દ્વારા મુખ્યમંત્રીનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.



મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે હિંમતનગર તાલુકાના ગામડાઓને જોડતા રોડ રસ્તાના કામો માટે રૂપીયા ૨.૮૦ લાખ ફાળવવામાં આવ્યા છે. જેમાં પેથાપુરથી ગાડીયાવીર દાદાના તળાવથી સરકારી માધ્યમિક શાળા સુધીનો ૦.૭૫ કી.મી.ના રોડ માટે રૂપીયા ૬૫ લાખ, તેમજ હાપા સ્કુલથી પોલાજપુર રોડ ૦.૫૫ કિ.મી. ના રોડ માટે ૬૫ લાખ અને જવાનપુરા થી રામપુરાનો અધુરો ૦.૫૦ કિ.મી.ના રોડ માટે રૂપીયા ૫૦ લાખ તેમજ હિંમતનગર-વિજાપુર બાયપાસ એમ એચ કે મોલ થી પોલાજપુર રોડ ને જોડતો ૧.૪૫ કિ.મી.ના રોડ માટે ૧૦૦ લાખ ફાળવવામાં આવતા તાલુકા વાસીઓમાં ખુશીનો માહોલ છવાયો છે.